


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 022
Dt.: 30-09-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### એચ-૧બીની ફી વધારાના નિર્ણય સામે કોર્ટમાં કેસ વચ્ચે નવું ગતકડું

# ટ્રમ્પ સરકારની એચ-૧બી વિઝા ખતમ કરવાની તૈયારી: ભારતીયોને ફટકો

### કોઈ કંપની એચ-૧બી વિઝા માટે અરજી કરે તો તેણે છટણી કરી છે કે નહીં તે ચકાસવા માટે તંત્રની સૂચના : વિઝાધારકો પરની પ્રવેશબંધી ૨૧ સપ્ટે. ૨૦૨૭ સુધી લંબાવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં નોકરીનું સપનું જોતા ભારતીય આઈટી પ્રોફેશનલ્સ માટે ફરી એક વખત ચિંતાજનક સમાચાર આવ્યા છે. ટ્રમ્પ સરકારે એચ-૧બી વિઝાને હંમેશા માટે ખતમ કરી દેવાની તૈયારી કરી છે. સરકાર તેમ ના કરી શકે તો તેના નિયમો વધુ આકરા બનાવે તેવી સંભાવના છે. ફક્ત એટલું જ નહીં પ્રમુખ ટ્રમ્પે ગેરકાયદે વસાહતીઓને હાથકડી બાંધી સ્વદેશ પરત મોકલ્યા હતા, તેમ હવે તેઓ એચ-૧બી વિઝામાં પણ કરવાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પ સરકારના આ પગલાંથી ભારતીયોને મોટો ફટકો પડી શકે છે.અમેરિકાના શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ એન્થની ડી એસ્પોસિટોએ તાજેતરમાં જ સંકેત આપ્યા હતા કે આગામી ૩૬૫ દિવસમાં એચ-૧બી વિઝા વ્યવસ્થા સંપૂર્ણપણે બદલાઈ શકે છે. આ વિઝા સગવડનો દૂરુપયોગ કરનારી કંપનીઓ સામે કાયદાકીય સકંજો કસવામાં આવી રહ્યો છે. એચ-૧બી વિઝા કાર્યક્રમ પર કોઈપણ પ્રકારની આંચની સીધી અસર ભારતીય નાગરિકો પર પડી શકે છે.અમેરિકન આઈટી કંપનીઓ, ટેક સેક્ટર અને કોર્પોરેટ જગતમાં કામ કરતાં કુલ એચ-૧બી વિઝાધારકોમાં ૭૦ ટકાથી વધુ હિસ્સેદારી એકલા ભારતીયોની હોય છે. હવે જો અમેરિકા આ વિઝા કાર્યક્રમ બંધ કરી દે છે તો હજારો ભારતીય ટેક પ્રોફેશનલ્સ, અમેરિકામાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ અને ત્યાં જવાની તૈયારી કરી રહેલા યુવાનોની કારકિર્દીને આકરો ઝાટકો લાગશે.બીજી બાજુએ અમેરિકામાં હાજર ભારતીયો માટે વિઝા રીન્યુઅલ અને ગ્રીન કાર્ડના રસ્તામાં ઘણા નવા અવરોધો આવી શકે છે.




અમેરિકન યુટયુબર બેની જોન્સનને આપેલા ઈન્ટરવ્યુમાં ઈન્સ્પેક્ટર જનરલ એન્થની ડી એસ્પોસિટોએ અમેરકાની રણનીતિ સ્પષ્ટ કરી. તેમણે જણાવ્યું હતું કે તપાસ અધિકારીઓએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે વિઝાના નામ પર ધાંધલી અને શેલ કંપનીઓ દ્વારા છેતરપિંડીમાં સામેલ લોકો સામે ફોજદારી કેસ નોંધીને ધરપકડ કરવાની તૈયારી આદરી દેવામાં આવી છે.ડી એસ્પોસિટોએ જણાવ્યું હતું કે મને લાગે છે કે વિદેશી શ્રમ વિઝા કાર્યક્રમ આગામી ૩૬૫ દિવસની અંદર સંપૂર્ણપણે અલગ રીતે નજર આવશે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકન સરકાર એચ-૧બી વિઝા કાર્યક્રમ સાથે જોડાયેલી છેતરપિંડી, કર્મચારીઓનું શોષણ અને માનવ તસ્કરી જેવા આરોપોની ગંભીર ચકાસણી કરી રહી છે.તપાસ સંસ્થાઓએ વિદેશી કર્મચારીઓની ભરતીમાં અનિયમિતતા વર્તતી ટોચની કંપનીઓ પર કાર્યવાહીનો પ્રારંભ કરી દીધો છે. આ પહેલા ફોજદારી તપાસના પગલે ટેકનોલોજી સેક્ટરની ટોચની કંપનીઓ કોગ્નિઝન્ટ અને ક્લાઉડેરા સાથે સંલગ્ન એચ-૧બી અરજીઓ જ હાલમાં સસ્પેન્ડ કરી દેવાઈ છે. અમેરિકન શ્રમવિભાગ મુજબ તપાસ અધિકારીઓએ ડઝનેક સમન્સ જારી કર્યા છે અને કેટલાય ઠેકાણા પર દરોડા પાડયા છે અને સર્ચ વોરંટ જારી કર્યા છે. તેની સાથે ટ્રમ્પ તંત્રએ અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી અને વિદેશ વિભાગને પણ સૂચના આપી છે કે કોઈપણ કંપનીએ એચ-૧બી માટે અરજી કરી છે તો તે ખાસ ચકાસવામાં આવે કે તેણે તાજેતરમાં જ આ હોદ્દાઓ પર કામ કરી રહેલા અમેરિકન અધિકારીઓની છટણી કરી છે કે નહી. તેની સાથે અમેરિકાએ એચ-૧બી વિઝાની કેટલીક વિશેષ શ્રેણીના વિઝાધારકો માટે અમેરિકામાં લાગેલી પ્રવેશબંધીને ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી લંબાવી છે.

### CWCની બેઠકમાં ૩ મુખ્ય પ્રસ્તાવો રજૂ કરાયા

# PM મોદી જ CEC જ્ઞાનેશ કુમારનું રાજીનામું લેશે' CWCની બેઠકમાં રાહુલ ગાંધીનો દાવો

### જ્યાં સુધી CEC રાજીનામું નહીં આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે : રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મંગળવારે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) વિવાદ પર મોટું નિવેદન આપ્યું છે. કોંગ્રેસ વર્કિંગ કમિટી(CWC)ની બેઠકમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનરે પદ છોડવું જ પડશે અને તેમનું રાજીનામું વડાપ્રધાન પોતે કરાવશે. આ દરમિયાન તેમણે બેઠકમાં ૩ મહત્ત્વના પ્રસ્તાવો રજૂ કર્યા હતા અને ચૂંટણી પ્રક્રિયામાં કથિત ગોટાળા સામે દેશવ્યાપી આંદોલનની જાહેરાત કરી હતી.

CWCની બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'તમને લોકો(નેતાઓ)ને મારામાં વિશ્વાસ નથી. તમે વિશ્વાસ નથી કરતા પરંતુ હું તમને કહું છું, હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પાસે બેઠક માટે ગયો ત્યારે તેમણે કહ્યું કે અમે પણ એ જ કરી રહ્યા છીએ, જે ઈન્દિરા ગાંધી કરતાં હતાં. બેઠકમાં તેમણે એમ પણ કહ્યું કે તેમને ખબર છે અને તેમણે પોતે મને કહ્યું કે, અમે જઈશું ત્યારે તમે આવશો. જો તેઓ એવો વિશ્વાસ રાખતા હોય કે અમે સત્તામાં આવીશું, તો તમે પણ મારા પર ભરોસો રાખો.

ઈન્ડિયા ગઠબંધનની બેઠક બાદ અમે નક્કી કરીશું કે રામલીલા મેદાનમાં રેલી કરવી કે રાજ્યોમાં. રામલીલા મેદાનમાં મોટી રેલી યોજવાનો પ્રસ્તાવ અમે મૂકીશું.'

ચૂંટણી પંચ સામેના વિરોધ પ્રદર્શન અંગે રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'જ્ઞાનેશ કુમારરાજીનામું આપે તો સારું અને ન આપે તો વધારે સારુંપ કેમ કે અમારું આંદોલન સતત ચાલુ રહેશે. જ્યાં સુધી તેઓ પદ પરથી નહીં હટે ત્યાં સુધી અમે આ મુદ્દે અડગ રહીશું.'કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના અધ્યક્ષપદે યોજાયેલી આ બેઠકમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, કે.સી. વેણુગોપાલ અને જયરામ રમેશ સહિત પક્ષના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.CWCની બેઠકમાં ૩ પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં જ્ઞાનેશ કુમારનું રાજીનામું લેવું, SIRની પ્રક્રિયા તાત્કાલિક રદ કરવી અને વડાપ્રધાન તેમજ ગૃહમંત્રી આ સમગ્ર વિવાદની સંપૂર્ણ જવાબદારી સ્વીકારે તેવી માંગ કરાઈ હતી.

ચૂંટણી પ્રક્રિયા અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હરિયાણા, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં મેં કહ્યું હતું કે વોટની ચોરી થઈ રહી છે. તે સમયે લોકો મારી વાત ન સમજ્યા પરંતુ હવે ૨ વર્ષમાં પરિસ્થિતિ બદલાઈ છે, કારણ કે મેં પુરાવાઓ સાથે રજૂઆત કરી છે. હાલ ૨ પ્રકારે મેચ ફિક્સિંગ થઈ રહી છે. એક EVMની મેચ ફિક્સિંગ છે અને બીજું મતદાર યાદીમાં જાણીજોઈને ગરબડ કરવામાં આવી રહી છે.'

વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૪માં બનેલા કાયદાઓ પર સવાલ ઉઠાવતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૪માં જે કાયદાઓ બનાવવામાં આવ્યા તે સંપૂર્ણપણે ખોટા છે. વર્ષ ૨૦૨૩માં જ્યારે ઝઈઝને લગતો કાયદો લાવવામાં આવ્યો, ત્યારે લગભગ ૧૦૦ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેનો અર્થ એ છે કે, સરકારને પહેલાથી ખ્યાલ હતો કે તેઓ ૨૦૨૪માં જીતી રહ્યા નથી. આપણે વિરોધમાં સતત અડગ રહેવું પડશે. કોઈને આશા નહોતી કે ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપશે, પરંતુ ૨૫ જુલાઈએ તેમણે આપ્યું. સરકાર દબાણમાં છે અને આપણે આ દબાણ સતત જાળવી રાખવાનું છે.'

### નેપાળમાં કુદરતનો કહેર

# નેપાળમાં સતત ત્રણ દિવસથી થઈ રહેલા ભારે વરસાદે અનેક વિસ્તારોમાં વિનાશ સર્જ્યા

### વરસાદ બાદ પૂર અને ભૂસ્ખલનથી અનેક જિલ્લાઓમાં તબાહી; ૨૪ લોકોનાં મોત, ૧૪ લાપતા અને ૭૪૭ પરિવારો અસરગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

નેપાળમાં સતત ત્રણ દિવસથી થઈ રહેલા ભારે વરસાદે અનેક વિસ્તારોમાં વિનાશ સર્જ્યો છે. પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ વચ્ચે હવે પહાડનો મોટો હિસ્સો તૂટીને કાલી ગંડકી નદીમાં ખાબકતો હોવાનો ભયાનક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં થોડી જ સેકન્ડમાં માટી અને પથ્થરો સાથે પહાડનો વિશાળ ભાગ નીચે ધસી આવતો અને નદીમાં સમાઈ જતો જોવા મળે છે. ભારે વરસાદને કારણે દેશના અનેક જિલ્લાઓમાં જનજીવન ખોરવાયું છે.

વાયરલ વીડિયોમાં શરૂઆતમાં પહાડનો ઢોળાવ સામાન્ય સ્થિતિમાં જોવા મળે છે. અચાનક તેનો ઉપરનો ભાગ તૂટવા લાગે છે અને માટી, પથ્થરો તથા કાટમાળનો મોટો જથ્થો ઝડપથી નીચે તરફ ધસી આવે છે. થોડી જ ક્ષણોમાં પહાડનો મોટો હિસ્સો કાલી ગંડકી નદીમાં ખાબકી જાય છે.

ઘટનાસ્થળ નજીક હાજર લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પહાડ પરથી ધસી આવેલા કાટમાળના કારણે નદીનો પ્રવાહ પણ પ્રભાવિત થયો હોવાનું સામે આવ્યું છે. સતત વરસાદને કારણે આવા વિસ્તારોમાં વધુ ભૂસ્ખલનનો ભય પણ યથાવત્ છે.

મનંગ, મ્યાગ્દી, બાગલુન્ગ, પર્વત અને પાલ્પા સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં સામેલ છે. ઉપલબ્ધ માહિતી અનુસાર બાગલુન્ગમાં ૧૦, મ્યાગ્દીમાં ૬ અને મનંગમાં ૨ લોકોનાં મોત થયા છે. લુમ્બિની પ્રાંતના પાલ્પામાં ૫ લોકોનાં મોત થયાં છે, જ્યારે ધનુષાના મિથિલા વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે એક વ્યક્તિનું મોત થયું છે.

કુલ ૧૪ લોકો લાપતા હોવાની માહિતી છે. તેમાં મનંગના ૧૦, મ્યાગ્દીના ૩ અને બાગલુન્ગના એક વ્યક્તિનો સમાવેશ થાય છે. અનેક લોકો ઘાયલ પણ થયા છે.

ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી અત્યાર સુધીમાં ૭૪૭ પરિવારો સીધી રીતે અસરગ્રસ્ત થયા છે. ૧૪૩ મકાનો સંપૂર્ણપણે નષ્ટ થયા છે, જ્યારે ૫૧ મકાનોને આંશિક નુકસાન થયું છે.

ગંડકી પ્રાંતમાં નુકસાન ખાસ નોંધપાત્ર છે. અહીં ૧૯૫ મકાનો સંપૂર્ણપણે નષ્ટ થયા હોવાનું જણાવાયું છે, જ્યારે ૨૬ મકાનોને આંશિક નુકસાન થયું છે. વધુમાં લગભગ ૨૭૦ મકાનો હજુ જોખમ હેઠળ હોવાનું જણાવવામાં આવ્યું છે.કુદરતી આફતને કારણે લગભગ ૧,૫૦૦ લોકોને પોતાના ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવાની ફરજ પડી છે. પર્વત જિલ્લામાં નુકસાન ગંભીર હોવાનું જણાવવામાં આવ્યું છે. અહીં ૧૦૬ મકાનો સંપૂર્ણપણે નષ્ટ થયા છે અને ચાર મકાનોને આંશિક નુકસાન થયું છે.

આ નુકસાનને કારણે પર્વત જિલ્લામાં ૧૬૨ પરિવારોના આશરે ૫૪૦ લોકો વિસ્થાપિત થયા છે. અનેક વિસ્તારોમાં રસ્તા, પુલ અને વીજળી સાથે જોડાયેલા માળખાને પણ નુકસાન થયું છે.

નેપાળના પર્વતીય વિસ્તારોમાં સતત વરસાદને કારણે ભૂસ્ખલનનું જોખમ વધ્યું છે. નદીઓમાં પાણીનું સ્તર વધતા પૂર જેવી સ્થિતિ ઊભી થઈ છે અને અનેક સ્થળોએ રસ્તાઓ અવરોધિત થયા છે.

સ્થાનિક પ્રશાસન અને બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચલાવી રહી છે. જોકે, સતત વરસાદ અને ભૂસ્ખલનના જોખમને કારણે રાહત કામગીરી પણ પડકારજનક બની છે. અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને વધુ નુકસાન અટકાવવા માટે જોખમી વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી ચાલી રહી છે.

### સરકારની પીઠ થાબડતી જાહેરાતો વચ્ચે ચિંતાજનક આંકડા

# વિદેશીઓએ ૨૪ મહિનામાં રૂ.૩.૮૪ લાખ કરોડ પાછા ખેંચ્યા

### આ રિસર્ચ મુજબ, હવે માત્ર મજબૂત જીડીપી ગ્રોથ વિદેશી રોકાણકારોને ભારત તરફ આકર્ષવા માટે પૂરતો નથી રહ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય અર્થવ્યવસ્થાની ઝડપી પ્રગતિ છતાં વિદેશી રોકાણકારોનો ઉત્સાહ કેમ ઓછો દેખાઈ રહ્યો છે, તે બાબત પર બર્નસ્ટીન રિસર્ચ દ્વારા એક મહત્ત્વપૂર્ણ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષમાં ભારતીય શેરબજારમાંથી આશરે ૪૦ અબજ ડૉલરની વિદેશી મૂડી પરત ખેંચાઈ ચૂકી છે. આ રિસર્ચ મુજબ, હવે માત્ર મજબૂત જીડીપી ગ્રોથ વિદેશી રોકાણકારોને ભારત તરફ આકર્ષવા માટે પૂરતો નથી રહ્યો.એક સમય એવો હતો કે જ્યારે ભારતની આર્થિક વૃદ્ધિ અને વિદેશી રોકાણ વચ્ચેનો સંબંધ ખૂબ જ મજબૂત હતો; એટલે કે જીડીપી (GDP) વધવાની સાથે વિદેશી રોકાણ પણ વધતું જોવા મળતું હતું. જોકે, વર્ષ ૨૦૦૭ પછી આ બંને વચ્ચેના સંબંધો આ સંબંધો નબળા પડ્યા છે. તાજેતરના વર્ષોમાં પરિસ્થિતિ એવી રહી છે કે દેશની અર્થવ્યવસ્થા મજબૂત હોવા છતાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII)નું નાણું સતત બજારમાંથી બહાર જતું રહ્યું છે. આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે વિદેશી રોકાણકારો હવે માત્ર દેશનો આર્થિક વિકાસ જોઈને જ રોકાણ કરવાનો નિર્ણય નથી લેતા. વિદેશી રોકાણકારોના નિર્ણયોમાં અગાઉ ભારત અને અમેરિકાના વ્યાજદર વચ્ચેનો તફાવત ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેતો હતો, પરંતુ છેલ્લા ૪થી ૫ વર્ષમાં આ સંબંધ નબળો પડ્યો છે. હાલના સમયમાં ડૉલર સામે રૂપિયાની વિનિમય સ્થિતિ વિદેશી રોકાણકારો માટે વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. બર્નસ્ટીનના આંકડા અનુસાર, તાજેતરના સમયમાં FII ઈન્ફ્લો અને રૂપિયાની ચાલ વચ્ચેનો સંબંધ આશરે ૭૨.૯ ટકા જેટલો રહ્યો છે. જો કોઈ વિદેશી રોકાણકારે ભારતમાં રોકાણ કર્યું હોય અને શેરના ભાવ વધી પણ જાય, પરંતુ તે જ સમયગાળામાં ડૉલર સામે રૂપિયો નબળો પડે, તો ડૉલરમાં નાણાં પરત મેળવતી વખતે તેમની કમાણી ઘટી શકે છે. સરળ શબ્દોમાં કહીએ તો, માત્ર ભારતીય બજારમાં શેરના ભાવ વધવાથી જ વિદેશી રોકાણકારોનો આખો હિસાબ નથી બનતો, પરંતુ તેમણે રૂપિયા અને ડૉલર વચ્ચેની વિનિમય દરની સ્થિતિ પર પણ ખાસ નજર રાખવી પડે છે. વિદેશી રોકાણકારોની ચિંતા માત્ર રૂપિયા સુધી સીમિત નથી, પરંતુ બજારનું વેલ્યુએશન પણ મોટો મુદ્દો છે. ૨૦૨૦ પછી ભારતનું વેલ્યુએશન અન્ય ઉભરતા બજારોની સરખામણીમાં સતત ઊંચું રહ્યું છે. ડિસેમ્બર ૨૦૨૩થી સપ્ટેમ્બર ૨૦૨૬ વચ્ચે ભારતનું એવરેજ રિલેટિવ વેલ્યુએશન ૧૬૨ ટકા રહ્યું હતું અને આ જ સમયગાળામાં ભારે FII આઉટફ્લો જોવા મળ્યો છે એટલે કે આ સમયગાળામાં બજાર મોંઘું લાગ્યું, ત્યારે વિદેશીઓએ નાણાં પાછા ખેંચી લીધા. છેલ્લા ૧૦ વર્ષમાં FIIનું નેટ ઈન્વેસ્ટમેન્ટ માત્ર ૪ અરબ ડોલર રહ્યું છે, જ્યારે તેની સામે ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (DII) અંદાજે ૩૦૦ અરબ ડોલરનું રોકાણ કરી ચૂક્યા છે. આગામી ૧૨ મહિનામાં FII ઈન્ફ્લો ફ્લેટ કે સામાન્ય રહેવાની અપેક્ષા છે. જોકે, લાંબા ગાળા માટે વિદેશી મૂડીને આકર્ષવા માટે સેમિકન્ડક્ટર, બેટરી, સ્પેસ, ડિફેન્સ અને ડીપ-ટેક જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરની મોટી કંપનીઓ ઊભી કરવાની જરૂર છે.

# FCRA સંબંધિત કેસમાં ગૃહ મંત્રાલયના બે અધિકારીની કરી ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના ગૃહમંત્રાલયના ૨ અધિકારીઓને દિલ્લી પોલીસે ધરપકડ કરી છે. આ બન્ને અધિકારીઓની FCRA સાથે જોડાયેલા એક કેસ મુદ્દે કાર્યવાહી કરવામાં આવી છે. ગૃહ મંત્રાલય પાસેથી મળેલી માહિતીના આધારે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નવી દિલ્હીમાં ૨ સરકારી અધિકારીઓની ધરપકડ કરી છે. પકડાયેલા બંને અધિકારીઓમાંથી એક સિનિયર એકાઉન્ટન્ટ અને બીજો એકાઉન્ટન્ટ તરીકે કાર્યરત છે. તેમણે કથિત રીતે એક ઍસોસિએશનનો સંપર્ક કર્યો હતો, અને તેનું પેન્ડિંગ FCRA રજિસ્ટ્રેશન કરાવવાના બદલામાં ગેરકાયદેસર રીતે લાંચની માંગણી કરી હતી.આમાંથી એક અધિકારી હાલ ગૃહ મંત્રાલયના વિદેશી પ્રભાગમાં તૈનાત છે, જ્યારે બીજો અધિકારી, જે હાલ વેતન અને એકાઉન્ટ્સ ઑફિસમાં તૈનાત છે, તે પહેલા વિદેશી પ્રભાગમાં કામ કરી ચૂક્યો છે. સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, તેઓ ગેરકાયદેસર રીતે નાણાં લઈને કેટલાક સંગઠનોના રજીસ્ટ્રેશન અને રિન્યુઅલમાં મદદ કરવા માટે તેમના સંપર્કમાં હતા. આગળની તપાસ ચાલી રહી છે.

ગૃહ મંત્રાલય ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવે છે, અને આ મામલે યોગ્ય કાનૂની અને વિભાગીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. FCRA સાથે જોડાયેલી તમામ સેવાઓ FCRA પોર્ટલ દ્વારા ઓનલાઈન આપવામાં આવે છે, અને કોઈપણ FCRA સેવામાં મદદ કરવા માટે કોઈ મધ્યસ્થી, એજન્ટ કે વ્યક્તિને અધિકૃત કરવામાં આવ્યા નથી.

ભારતે વિદેશી યોગદાનને સ્વીકારવા અને તેના ઉપયોગને નિયંત્રિત કરવા માટે ૧૯૭૬માં પહેલો FCRA કાયદો બનાવ્યો હતો.




# તંત્રી લેખ......

## કોચિંગ પર નિર્ભરતા

નીટ જેઈઈ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગ પર નિર્ભરતા ઘટાડવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા લેવામાં આવતી પહેલ ત્યારે જ સફળ થશે જ્યારે શાળા સ્તરે, ખાસ કરીને ધોરણ ૧૧ અને ૧૨ માં શિક્ષણનું સ્તર સુધારેલ હશે. ખાનગી અને સરકારી બંને શાળાઓમાં આમાં સુધારો થવો જોઈએ. જો આઠમા ધોરણથી, જ્યારે વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ગણિતના વિષયો પસંદ કરે છે, ત્યારે તેમના અભ્યાસક્રમ અને પ્રશ્નપત્રોનું સ્તર એટલું ઊંચું કરવામાં આવે કે તેમને દ્વઈઈ અને લઈઈ જેવી પરીક્ષાઓ માટે કોચિંગ લેવાની ફરજ ન પડે તો તે વધુ સારું રહેશે.

એક સમય હતો જ્યારે ઈન્ટરમીડિયેટ વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષાઓ માટે કોઈ કોચિંગની જરૂર નહોતી. જોકે, ધીમે ધીમે પરિસ્થિતિ બદલાઈ ગઈ, અને કોચિંગ એક મુખ્ય ઉદ્યોગ બની ગયું. આનું કારણ હાઈ સ્કૂલ અને ઈન્ટરમીડિયેટ શાળાઓમાં શિક્ષણના સ્તરમાં ઘટાડો, તેમજ એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષાઓમાં પૂછાતા પ્રશ્નોની વધતી જતી મુશ્કેલી છે. એ સમજવું મુશ્કેલ છે કે આ પરીક્ષાઓમાં પૂછાતા સમાન સ્તરના પ્રશ્નો ૧૧મા અને ૧૨મા ધોરણની પરીક્ષાઓમાં કેમ સમાવી શકાતા નથી.

છેવટે, જ્યારે અભ્યાસક્રમ સમાન હોય છે, ત્યારે શાળા અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રશ્નો કેમ અલગ હોય છે? આ તફાવત નિઃશંકપણે ઉદ્ભવે છે કારણ કે શિક્ષણ બોર્ડનો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે શક્ય તેટલા વધુ વિદ્યાર્થીઓ ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષાઓ પાસ કરે, અને તે પણ સારા ગુણ સાથે. આજકાલ કેટલાક બોર્ડની પરીક્ષાઓમાં ૯૦% ગુણ મેળવવાનું સામાન્ય બની ગયું છે તે કોઈ રહસ્ય નથી. શિક્ષણ બોર્ડ તેમજ શાળાઓનો ધ્યેય વિદ્યાર્થીઓને માત્ર શાળા પરીક્ષાઓ પાસ કરવા માટે જ નહીં, પરંતુ તેમને તબીબી અને ઈજનેરી ક્ષેત્રોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પણ તૈયાર કરવાનો હોવો જોઈએ.

શિક્ષણ મંત્રાલયે એનસીઈઆરટીની સાથે અન્ય શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ પર એન્જિનિયરિંગ અને તબીબી પ્રવેશ પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રો આધારિત બનાવવાની જરૂરિયાતને માન્યતા આપી છે તે સારું છે. જોકે, આ જરૂરિયાત ત્યારે જ પૂરી થશે જ્યારે કેન્દ્રીય અને રાજ્ય શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમમાં એકરૂપતા હશે. શિક્ષણ મંત્રાલયે એ પણ સમજવું જોઈએ કે વિદ્યાર્થીઓને કોચિંગ સંસ્કૃતિથી બચાવવાની જરૂરિયાત ફક્ત એન્જિનિયરિંગ અને તબીબી પ્રવેશ પરીક્ષાઓ સુધી મર્યાદિત નથી. આ જરૂરિયાત અન્ય પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓને પણ લાગુ પડે છે. તેણે ટ્યુટરિંગ સંસ્કૃતિનો અંત લાવવાનો પણ વિચાર કરવો જોઈએ.

## સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં ૨૨ આરોપીઓને મુકત કરવા સામે સુપ્રિમમાં અપીલઃ સીબીઆઈ અને તમામ આરોપીઓને નોટીસ



પ્રતિનિધિ,ગાંધીનગર

સોહરાબુદ્દીન શેખ , કૌસરબી અને તુલસીરામ પ્રજાપતિના કથિત ફેક એન્કાઉન્ટર મામલે ૨૧ પોલીસકર્મીઓ સહિત તમામ ૨૨ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાના ચુકાદા સામે હવે સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે.

સોહરાબુદ્દીનના ભાઈ નયાબુદ્દીન શેખ દ્વારા કરવામાં આવેલી આ અરજી પર સુપ્રિમ કોર્ટ સુનાવણી કરવા સંમત થઈ છે. ૨૦૧૮ માં મુંબઈ સીબીઆઈ કોર્ટે તમામ આરોપીઓને મુકત કર્યા હતા. જેને બાદમાં બોમ્બે હાઈકોર્ટે પણ યોગ્ય ઠેરવ્યો હતો, જો કે સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે તે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને નિર્દોષ છોડવાના નિર્ણયને ફરી નહી ખોલે, ન્યાયાધીશ સુર્યકાંત, જસ્ટીસ જોયમાલ્યા બાગચી અને જસ્ટીસ વી મોહનાની બેન્ચે આ મામલે સીબીઆઈ અને તમામ ૨૨ છોડી મુકાયેલા લોકોને નોટીસ પાઠવી જવાબ માંગ્યો છે. ટ્રાયલ દરમિયાન ૯૨ જેટલા મહત્વના સાક્ષીઓ પોતાના નિવેદનથી ફરી ગયા(હોસ્ટાઈલ થઈ ગયા ) હોવાની બાબત સામે આવતા જસ્ટીસ જોયમાલ્યા બાગચી એ આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું. તેમણે મૌખિક ટીપ્પણી કરતા કહ્યુ હતુ કે આ ખરેખર હોલસેલ વિટનેસ હોસ્ટાઈલ જેવી બાબત છે અને ટ્રાયલ માં યોગ્ય પારદર્શિતા હતી કે નહી તેની સુપ્રિમ કોર્ટ ચકાસણી કરશે.

સીબીઆઈના કેસ મુજબ ૨૩ મી નવેમ્બર ૨૦૦૫ ના રોજ સોહરાબુદ્દીન, તેની પત્ની કૌસર બી અને તુલસીરામ પ્રજાપતિ હૈદ્રાબાદ થી સાંગલી તરફ જઈ રહ્યા હતા. ત્યારે ગુજરાત અને રાજસ્થાન પોલીસની ટીમે બસ રોકી તેમનુ અપહરણ કર્યુ હતું. ત્યારબાદ ૨૬ મી નવેમ્બર ૨૦૦૫ ના રોજ અમદાવાદના વિશાલા સર્કલ નજીક સોહરાબુદ્દીનનુ કથિત એન્કાઉન્ટર કરવામાં આવ્યુ હતું. પોલીસે દાવો કર્યો હતો કે તે લશ્કર એ તોયબા નો આતંકવાદી હતો, તેના ૩ દિવસ બાદ તેની પત્ની કૌસર બી ની પણ હત્યા કરી મૃતદેહનો નિકાલ કરાયો હતો. આ સમગ્ર ઘટનાના સૌથી મહત્વના સાક્ષી એવા તુલસીરામ પ્રજાપતિને તે સમયે ઉદયપુર સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. સોહરાબુદ્દીન અને કૌસર બી ના કસ્ટોડીયલ ડેથ ના આશરે ૧ વરસ બાદ, ૨૭ મી ડીસેમ્બર ૨૦૦૬ ના રોજ બનાસકાંઠા નજીક છાપરી ખાતે અન્ય એક કથિત પોલીસ એન્કાઉન્ટરમાં તુલસીરામ પ્રજાપતિને પણ મારી નાખવામાં આવ્યો હતો. જેથી આ કેસ વધુ ચકચારભર્યો બન્યો હતો. આ ચર્ચિત કેસમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ , રાજસ્થાનના પૂર્વ ગૃહમંત્રી ગુલાબચંદ કટારીયા અને ગુજરાત - રાજસ્થાન ના ટોચના પોલીસ અધિકારીઓ ડી જી વણજારા, રાજકુમાર પાંડીયન, અભય ચુડાસમા, એન કે અમીન, પી સી પાંડે અને ગીતા જોહરી સહિત ૩૮ લોકોને આરોપી બનાવાયા હતા. વર્ષ ૨૦૧૪ માં મુંબઈની સીબીઆઈ કોર્ટે અમિત શાહને રાજકીય હેતુથી કેસમાં ફસાવાયા હોવાનુ નોંધી મુકત કર્યા હતા. ત્યારબાદ વણજારા સહિત ૧૫ અધિકારીઓ ડીસ્ચાર્જ થયા હતા અને ડીસેમ્બર ૨૦૧૮ માં બાકીના ૨૨ આરોપીઓને પણ પુરાવાના અભાવે મુકત કરવામાં આવ્યા હતા.

## વીજ કરંટ લાગવાના બનાવમાં ૯ વર્ષના બાળકનું સારવારમાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં આવેલી મોમાઈપાનવાળી શેરીમાં તા.૧૭ના રોજ કબૂતર ઉડાવવા દરમિયાન વીજ કરંટ લાગતાં બે બાળકો ગંભીર રીતે દાઝી ગયા હતા. બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવરાજ લખનભાઈ વડાણિયા (ઉ.વ. ૯)નું સારવાર દરમિયાન ગઈકાલે મોત નિપજ્યું છે.ગોકુલનગર, પાણાખાન, શેરી નં. ૫માં રહેતો યુવરાજ વડાણિયા તા. ૧૭ના સવારે આશરે ૧૧ વાગ્યે પોતાના રહેણાંક મકાન નજીક કબૂતર ઉડાડવા ગયો હતો. દરમિયાન નજીકથી પસાર થતી વીજ લાઈનના સંપર્કમાં આવતાં તેને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. આ સમયે તેની સાથે રહેલા વિરાટ કુડેચાને પણ વીજ આંચકો લાગ્યો હતો.બનાવની જાણ થતાં બંનેને એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## અંબાજી પૂનમનો મેળો એસટી ને ફળ્યોઃ રૂ.૯.૫૧ કરોડની વિક્રમી આવક



પ્રતિનિધિ,ગાંધીનગર

શકિતપીઠ અંબાજી ખાતે સંપન્ન થયેલા ભાદરવી પૂનમના મહામેળામાં લાખો ભકતોનુ ઘોડાપુર ઉમટયુ હતું. આ યાત્રાધામમાં રાજયભરમાંથી પહોચતા માઈભકતોની મુસાફરી સુગમ અને સલામત બનાવવા માટે ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) દ્વારા હાથ ધરવામાં આવેલી અવિરત સેવાઓના પરીણામે નિગમની તિજોરી છલકાઈ ગઈ છે. માત્ર ૬ દિવસના ટુંકા ગાળામાં નિગમે રૂપીયા ૯.૫૧ કરોડની અધધ કમાણી નોંધાવીને એક નવો કિંતિમાન સ્થાપીત કર્યો છે.

ભાદરવી પૂનમના પાવન અવસરે ગુજરાતના ખુણે ખુણે થી પગપાળા તથા સંઘ લઈને પહોચતા યાત્રિકોને પરત ફરવા માટે એસટી બસો સૌથી મોટો આધાર બની રહી હતી. સત્તાવાર આંકડાઓ અનુસાર મેળાના મુખ્ય ૬ દિવસ નિગમ દ્વારા કુલ ૩૦ હજાર એકસ્ટ્રા ટ્રીપનુ સંચાલન કરવામાં આવ્યુ હતું અને અંદાજે ૧૩.૦૪ લાખ મુસાફરને એસટી બસની મુસાફરી કરી હતી. દુર દુરના ગામડાઓથી લઈને મોટા શહેરો સુધીના રૂટ પર દોડતી બસોમાં શ્રધ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. મુસાફરોની વિશાળ સંખ્યાને જોતા તમામ મુખ્ય ડેપો અને અંબાજી આસપાસ ઉભા કરાયેલા હંગામી બસ મથકો પર રાઉન્ડ ધ કલોક કામગીરી કરવામાં આવી હતી. લાખો શ્રધ્ધાળુઓની અવર જવરને કારણે એસટી નિગમને આર્થિક દ્રષ્ટિએ પણ અભૂતપૂર્વ સફળતા સાંપડી છે. મળતી વિગતો અનુસાર આ ૬ દિવસમાં જીએસઆરટીસી ને રૂપીયા ૯.૫૧ કરોડ ની જંગી આવક થઈ છે. તહેવારો અને મેળા દરમિયાન એસટી બસો લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે તે વાત આ વખતે ફરી પુરવાર થઈ છે.

નિગમના અધિકારીઓના કહેવા પ્રમાણે વ્યવસ્થિત ટીકીટીંગ પ્રક્રિયા, ડીઝીટલ પેમેન્ટ અને સુચારૂ વ્યવસ્થાપનને કારણે રેવન્યુ કલેકશનમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. મુસાફરોને લાંબો સમય રાહ ન જોવી પડે તે હેતુથી એસટી વિભાગે એકશન પ્લાન અમલમાં મુકયો હતો. મેળાના સમગ્ર સમયગાળા દરમિયાન ૩૦ હજાર થી વધુ બસ ટ્રીપનુ સંચાલન કરવામાં આવ્યુ હતું. ભકતોની ભીડ નિયંત્રિત કરવા માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ઉત્તર ગુજરાતના તમામ મહત્વના ડેપોમાંથી ખાસ વધારાની બસો દોડાવવામાં આવી હતી. આયોજનબધ્ધ સંચાલનના લીધે શ્રધ્ધાળુઓને કોઈ મોટી હાલાકી ભોગવવી પડી ન હતી. કંડકટર, ભાદરવી પુનમના મહામેળામાં ડ્રાઈવર, મિકેનીકેલ સ્ટાફ અને સુરક્ષાકર્મીઓ સહિત હજારો કર્મચારીઓએ દિવસ રાત ખડે પગે સેવા આપી હતી.

## જ્ઞાનેશકુમાર વિરૂધ્ધ ૧૫ રાજયોમાં કોંગ્રેસનુ ભારે પ્રદર્શનઃ દેશમાં ઠેર ઠેર જ્ઞાનેશકુમાર ના પુતળાનુ કરાયુ દહન



પ્રતિનિધિ,ગાંધીનગર

ચીફ ઈલેકશન કમિશ્નર જ્ઞાનેશકુમાર ના રાજીનામાની માંગણી સાથે ગઈકાલે દેશના ૧૫ રાજયોમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરીયાણા, છત્તીસગઢ, ઉત્તરાખંડ, ગુજરાત, દિલ્હી અને કેરળમાં જોરદાર વિરોધ પ્રદર્શન થયુ હતું. આ ઉપરાંત ઝારખંડ, હિમાચલ પ્રદેશ, મણીપુર, તેલંગણા અને કર્ણાટકમાં પણ સાંકેતિક વિરોધ પ્રદર્શન જોવા મળ્યુ હતું. સૌથી વધુ આક્રોશ ઉત્તરપ્રદેશના આગરા માં જોવા મળ્યો હતો. જયાં કોંગ્રેસના કાર્યકરોએ જ્ઞાનેશકુમાર ના મકાન ઉપર કાળા કુચડા ફેરવીને દિવાલો પર ગદ્દાર અને વોટ ચોર લખી દીધુ હતું.

તો બીજી તરફ રાજસ્થાનના જયપુરમાં પ્રદર્શન દરમિયાન ભીડ બેકાબુ થતા કોંગ્રેસના કાર્યકરો અને પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત પર પોલીસે વોટર કેનનનો મારો ચલાવ્યો હતો. આ પ્રદર્શનમાં પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ સામેલ હતા. રાહુલ ગાંધીએ પણ પ્રેસ કોન્ફરન્સ યોજીને જ્ઞાનેશકુમાર પર મતદાર યાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવીઝન (એસઆઈઆર) મા ગરબડ કરીને વોટ ની ચોરી કરવાનો ગંભીર આક્ષેપ લગાવ્યો છે. તેમના મતે અન્ય બે કમિશ્નરો પણ પંચની કામગીરી થી નારાજ છે, લોકશાહીની નનામી કાઢીને બેંગ્લોરમાં વિરોધ થયો હતો. દેશની ચુંટણી પ્રક્રિયાને નિષ્પક્ષતા અને પારદર્શિતા સામે સવાલો ઉઠાવતા નાગરીકોના એક જુથે રવિવારે બેંગ્લોરમાં ચીફ ઈલેકટોરલ ઓફિસરની કચેરી બહાર લોકશાહીની નનામી કાઢીને અનોખો વિરોધ નોંધાવ્યો હતો. દેખાવકારોએ પ્રતિકાત્મક રીતે લોકશાહીની અંતિમ વિધી કર્યા બાદ શુધ્ધિકરણની પ્રક્રિયા પણ કરી હતી.

## કૃત્રિમ તળાવ પર ઉઘરાણીના આક્ષેપ બાદ બે ફાયર કર્મચારીઓની તાત્કાલિક બદલી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કર્મચારીઓની કામગીરી સામે ગણેશ વિસર્જન દરમિયાન ગંભીર આક્ષેપો થયા છે. માંજલપુરના કૃત્રિમ તળાવ ખાતે ગણેશ વિસર્જન માટે આવેલા લોકો પાસેથી ફાયર બ્રિગેડના કાયમી કર્મચારીઓએ પોતાના મોબાઈલ ફોનથી ઓનલાઈન નાણાં ઉઘરાવ્યાં હોવાની ફરિયાદ સામે આવી છે. આ વિવાદ વચ્ચે જીઆઈડીસી ફાયર સ્ટેશનના બે કર્મચારીઓની તાત્કાલિક બદલી કરીને દરજીપુરા ખાતેના ઈઆરસી ફાયર સ્ટેશનમાં મૂકવામાં આવ્યા છે. માંજલપુર કૃત્રિમ તળાવ ખાતે ગણેશ વિસર્જન દરમિયાન તરવૈયાઓની સાથે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓએ પણ લોકો પાસે પૈસાની માગણી કરી હોવાના આક્ષેપ થયા છે. કર્મચારીઓએ પોતાના મોબાઈલ ફોનથી ઓનલાઈન નાણાં લીધાં હોવાની ફરિયાદને પગલે સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. ગઈકાલે તરવૈયાઓ વચ્ચે નાણાંના હિસાબને લઈને માથાકૂટ થતાં બદામડી બાગ ખાતે આવેલા ફાયર બ્રિગેડના મુખ્ય કંટ્રોલરૂમમાં હોબાળો મચ્યો હતો. તરવૈયાઓના હોબાળાને પગલે ઉઘરાણીનો સમગ્ર મામલો બહાર આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.આ પ્રકરણમાં જીઆઈડીસી ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર દીપક રાઠવા અને ફાયરમેન રાહુલ પઢિયારનાં નામ સામે આવ્યાં છે. ઉઘરાણીના આક્ષેપો વચ્ચે બંને કર્મચારીઓની તાત્કાલિક બદલી કરીને દરજીપુરા ખાતેના ઈઆરસી ફાયર સ્ટેશનમાં મૂકવામાં આવ્યા છે. જોકે, આક્ષેપોને લઈને સત્તાવાર તપાસ અને જવાબદારી નક્કી થવાની બાકી છે. બીજી તરફ, ફાયર બ્રિગેડના કેટલાક કર્મચારીઓએ ગણેશ વિસર્જન માટે ક્રેન પૂરી પાડતા સંચાલકો પાસેથી પણ નાણાંની માગણી કરી હોવાની ચર્ચા છે. શહેરનાં અન્ય કૃત્રિમ તળાવો પર પણ આ પ્રકારની ઘટનાઓ બની હોવાની વાતો સામે આવી રહી છે. આથી સમગ્ર વિસર્જન વ્યવસ્થા દરમિયાન થયેલી નાણાંની લેવડદેવડ સામે પણ સવાલો ઊઠ્યા છે. મહાનગરપાલિકા દ્વારા ગણેશ વિસર્જન માટે કોઈએ નાણાં આપવાનાં નથી તેવો સ્પષ્ટ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. તેમ છતાં જો ફાયર બ્રિગેડના કર્મચારીઓ દ્વારા જ ઓનલાઈન નાણાંની ઉઘરાણી કરવામાં આવી હોય તો તે ગંભીર બાબત છે. એક તરફ કર્મચારીઓની તાત્કાલિક બદલી કરવામાં આવી છે, તો બીજી તરફ સમગ્ર મામલે પડદો પાડવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની પણ ચર્ચા છે. હવે આક્ષેપોની તપાસ કરીને જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ તે જોવું રહ્યું.

## નારીશક્તિની રક્ષાઃ અત્યાર સુધીમાં ૭.૩૦ લાખ કિશોરીઓને HPV રસીનું અમૃતકવચ પૂરું પાડતું ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ

### દીકરીઓનું સ્વાસ્થ્ય એ રાજ્ય સરકાર માટે સૌથી મોટું પુણ્યકાર્યઃ કેન્દ્ર સરકારે HPV રસીકરણ અભિયાનની કામગીરી બિરદાવી વધુ ૨.૭૨ લાખ HPV વેક્સિનના ડોઝ ફાળવ્યા :- આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



કોઈપણ રાષ્ટ્રની આશા અને સંસ્કૃતિનો આધાર તેની નારીશક્તિ પર રહેલો છે. જ્યારે વાત દીકરીઓના સ્વાસ્થ્યની આવે, ત્યારે લેવાયેલું એક સચોટ પગલું આવનારી પેઢીઓનું ભવિષ્ય બદલી નાખે છે. ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રે આવો જ એક અભૂતપૂર્વ અને ક્રાંતિકારી ઈતિહાસ રચ્યો છે. ગર્ભાશયના મુખના કેન્સર જેવા અતિ ગંભીર રોગ સામે દીકરીઓને આજીવન રક્ષણ આપવા માટે શરૂ કરાયેલા રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાનમાં ગુજરાતે માત્ર ૩ મહિનામાં સૌ ટકા દીકરીઓનું સફળ રસીકરણ કરીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગર્ભાશયનું કેન્સર એ મહિલાઓમાં જોવા મળતા કેન્સરમાં સૌથી ચિંતાજનક રોગો પૈકીનો એક છે. પરંતુ યોગ્ય સમયે અપાયેલી રસી આ રોગને થતો સંપૂર્ણપણે અટકાવી શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વ હેઠળ ગુજરાતે આ ઝુંબેશને એક 'મહાયજ્ઞ'ની જેમ ઉપાડી હતી. જેના પરિણામ અત્યારસુધીમાં ૧૪ વર્ષની પાત્રતા ધરાવતી અંદાજિત ૭.૩૦ લાખથી વધુ કિશોરીઓને HPV વેક્સિનેશન હેઠળ આવરી લીધી હતી. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ આ સફળતાની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની આ ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ લઈને કેન્દ્ર સરકારે ૭ સપ્ટેમ્બરે રાજ્ય માટે વધુ ૨.૭૨ લાખ HPV રસીના ડોઝ ફાળવ્યા હતાં. આ અભિયાનને વધુ વેગ આપવા માટે ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે શરૂ કરાયેલા 'સેવા પર્વ' તા.૧૭ થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન રસીકરણ ઝુંબેશનો પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશ અંતર્ગત તા.૧૭ સપ્ટેમ્બરના પ્રારંભિક દિવસે જ રાજ્યની ૭૧ હજારથી વધુ દીકરીઓનું રસીકરણ કરીને એક નવો ઐતિહાસિક વિક્રમ સર્જાયો હતો. માત્ર ૧૦ દિવસના આ 'સેવા પર્વ' દરમિયાન કુલ ૧.૪૭ લાખથી વધુ કિશોરીઓને સુરક્ષાકવચ પૂરું પાડીને સરકારે નિર્ધારિત લક્ષ્યાંક સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.

રાજ્ય સરકાર માટે દીકરીના સ્વાસ્થ્ય અને કલ્યાણથી વધીને બીજું કોઈ પુણ્યનું કામ હોઈ ન શકે. સરકાર અને આરોગ્યતંત્ર પોતાની સંપૂર્ણ નિષ્ઠાથી કાર્યરત છે, પરંતુ આ પવિત્ર મહાયજ્ઞની આખરી સફળતા વાલીઓની જાગૃતિ પર જ નિર્ભર કરે છે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, જે ૧૪ વર્ષની દીકરીઓ કોઈ કારણસર રસી લેવાથી વંચિત રહી ગઈ હોય, તેમના વાલીઓએ સહેજ પણ વિલંબ કર્યા વિના નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ. વાલીઓની સુવિધા અને તમામ કિશોરીઓને સુરક્ષાકવચ આપવાના ઉદ્દેશ્યથી રાજ્ય સરકારે આ રસીકરણ અભિયાનની મુદત લંબાવીને ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ કરી છે. હવે રાજ્યની તમામ મેડિકલ કોલેજ હોસ્પિટલો, જિલ્લા તથા સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલો, અને તમામ CHC તથા PHC કેન્દ્રો પર ૧૪ વર્ષની દરેક કિશોરી માટે આ જીવનરક્ષક રસી તદ્દન મફત ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.- પ્રિન્સ ચાવલા

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૨૯/૦૯/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૪૧૩૯ | ૧,૫૫૧.૦૦ | ૨,૧૫૮.૦૦ |
| ૨ | એરંડા | ૨૫ | ૧,૫૦૫.૦૦ | ૧,૫૧૦.૦૦ |
| ૩ | ઘઉં | ૬૪૭ | ૫૧૩.૦૦ | ૫૨૩.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૬૦.૦૦ | ૪૮૦.૦૦ |
| ૫ | મકાઇ | ૬૦ | ૫૧૪.૦૦ | ૫૭૮.૦૦ |
| ૬ | કપાસ | ૭૨ | ૧,૭૫૫.૦૦ | ૧,૮૪૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## મીઠાવી ચારણ ગામે તળાવમાં મોટી સંખ્યામાં માછલીઓના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)વાવ-થરાદ

વાવ-થરાદ જિલ્લામાં ધરણીધર તાલુકાના મીઠાવી ચારણ ગામે આવેલા તળાવમાં અચાનક મોટી સંખ્યામાં માછલીઓના મોત થતાં ગંભીર સમસ્યા સર્જાઈ છે. ગામના પાદરમાં આવેલા તળાવમાં માછલીઓ મૃત અવસ્થામાં પાણી પર તરી રહી છે અને ગરમીના કારણે તે કોહવાતાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. તળાવ ગામના મુખ્ય પ્રવેશદ્વાર અને રસ્તાની નજીક જ હોવાથી સ્થાનિક રહીશો અને રાહદારીઓ માટે ત્યાંથી પસાર થવું પણ અત્યંત મુશ્કેલ બન્યું છે. માછલીઓના આ પ્રકારે અચાનક મોત થવા પાછળ કોઈ અસામાજિક તત્ત્વોએ તળાવમાં ઝેરી દવા નાખી છે કે પછી કેમિકલ કે અન્ય કોઈ કુદરતી કારણ છે, તે અંગે ગામમાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. ખાસ કરીને તળાવનો ઈજારો પૂરો થયો હોવાથી આ ઘટના પાછળ કોઈનું કાવતરું હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.મીઠાવી ચારણ ગામને આદર્શ ગામ જાહેર કરવામાં આવ્યું હોવા છતાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. તળાવના ખારા અને દૂષિત પાણીના નિકાલ માટે ગ્રામજનો દ્વારા ૬ મહિના પહેલાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તે સમયે જિલ્લા કલેક્ટરે રૂબરૂ મુલાકાત લઈને ખારા પાણીનો કાયમી નિકાલ કરી આપવાની ખાતરી પણ આપી હતી. છતાં, આજદિન સુધી કોઈ કામગીરી ન થતાં તંત્રની લાચારી અને નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## જોધપુર મંડળમાં એન્જિનિયરિંગ કાર્યને કારણે જેસલમેર–સાબરમતી એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત માર્ગે ચાલશે

ઉત્તર પશ્ચિમ રેલવેના જોધપુર મંડળના સમદડી–લૂણી ખંડમાં દૂદિયા તથા દુન્દાડા યાર્ડમાં સબવે નિર્માણ તેમજ સમદડી યાર્ડમાં ફૂટ ઓવર બ્રિજ (FOB) લોન્ચિંગનું કાર્ય કરવામાં આવશે. આ નિર્માણ કાર્યને કારણે સાબરમતી–જેસલમેર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે ચાલશે. વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નંબર ૨૦૪૮૬ સાબરમતી–જેસલમેર એક્સપ્રેસ તા. ૪, ૬, ૧૧, ૧૬ અને ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ તેના નિર્ધારિત માર્ગ મહેસાણા–ભીલડી–લૂણીના બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા–મારવાડ જં.–લૂણી થઈને ચાલશે. આ દરમિયાન આ ટ્રેન પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જંકશન અને પાલી મારવાડ સ્ટેશનો પર રોકાશે.
- ટ્રેન નંબર ૨૦૪૮૫ જેસલમેર–સાબરમતી એક્સપ્રેસ તા. ૪, ૬, ૧૧, ૧૬ અને ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ તેના નિર્ધારિત માર્ગ લૂણી–ભીલડી–મહેસાણાના બદલે પરિવર્તિત માર્ગ વાયા લૂણી–મારવાડ જં.–મહેસાણા થઈને ચાલશે. આ દરમિયાન આ ટ્રેન પાલી મારવાડ, મારવાડ જંકશન, ફાલના, આબુ રોડ અને પાલનપુર સ્ટેશનો પર રોકાશે.

મુસાફરોને વિનંતી છે કે મુસાફરી પહેલાં ટ્રેનના નિર્ધારિત માર્ગ, સ્ટોપેજ તથા સમયની માહિતી અવશ્ય મેળવી લે. ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www. enquiry. indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ માહિતી મેળવી શકે છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# સિદ્ધપુર સ્ટેશન પર પ્લેટફોર્મના વિસ્તરણ અને ઊંચાઈ વધારવાના કામને કારણે ૩૦ સપ્ટેમ્બરથી ૧૩ નવેમ્બર સુધી કેટલીક ટ્રેનોનું સ્ટોપેજ પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના અમદાવાદ–પાલનપુર રેલખંડ પર સિદ્ધપુર સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ના બંને છેડે ૭૦-૭૦ મીટર લંબાઈ વધારવા તેમજ પ્લેટફોર્મની ઊંચાઈ વધારવાનું કામ કરવામાં આવી રહ્યું છે. આ કામને કારણે સિદ્ધપુર સ્ટેશન પર ડાઉન દિશામાં દોડતી કેટલીક ટ્રેનોનું સ્ટોપેજ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ સુધી ૪૫ દિવસ માટે અસ્થાયી રૂપે રદ રહેશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

નીચેની ટ્રેનો સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં:

ટ્રેન નંબર ૧૪૭૦૨ બાંદ્રા ટર્મિનસ–શ્રી ગંગાનગર અરવલ્લી એક્સપ્રેસ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૨ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૧૪૮૨૨ ગાંધીગ્રામ–જોધપુર એક્સપ્રેસ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૧૯૪૧૧ ગાંધીનગર કેપિટલ–દૌલતપુર ચોક એક્સપ્રેસ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૧૯૨૨૩ સાબરમતી–જમ્મુ તવી એક્સપ્રેસ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૧૯૦૩૧ સાબરમતી–યોગ નગરી ઋષિકેશ એક્સપ્રેસ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૭૯૪૩૭ મહેસાણા–આબુ રોડ ડેમુ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૨૦૬૯૪ કેએસઆર બેંગલુરુ–જોધપુર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૨ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૨૦૯૫૧ ઓખા–જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ ૦૫ ઓક્ટોબર ૨૦૨૬થી ૦૯ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૧૯૫૬૫ ઓખા–દહેરાદૂન એક્સપ્રેસ ૦૨ ઓક્ટોબર ૨૦૨૬થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૨૨૯૧૫ બાંદ્રા ટર્મિનસ–હિસાર સુપરફાસ્ટ એક્સપ્રેસ ૦૫ ઓક્ટોબર ૨૦૨૬થી ૦૯ નવેમ્બર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૨૦૪૯૬ હડપસર–જોધપુર એક્સપ્રેસ ૦૪ ઓક્ટોબર ૨૦૨૬થી ૦૯ ઓક્ટોબર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૧૨૫૪૮ ગાંધીગ્રામ–આગ્રા કેન્ટ એક્સપ્રેસ ૦૫ ઓક્ટોબર ૨૦૨૬થી ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેન નંબર ૧૯૪૦૯ સાબરમતી–થાવે એક્સપ્રેસ ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ અને ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

રેલવે યાત્રીઓને જણાવવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા આરંભ કરે. ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરી www. enquiry. indian rail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# કર્મચારીની ગર્ભવતી પત્નીની દયા ન આવી પણ ૨૫ હજારમાં માનવતા વેચી ખાધી: હવે એસીબી કરાવશે ફી માં આરામ

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરતના મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી લાંચનો એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. જયાં એસીબીએ વોચ એન્ડ વોર્ડ વિભાગના કલાસ-૩ સુરક્ષા અધિકારી શૈલેષ મણીલાલ પારેખ ને રૂપીયા ૨૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા છે.

તાપીપુરા ઓફિસ ખાતે તેનાત આ અધિકારીએ ગૌણ કર્મચારી પાસે તેમની ગર્ભવતી પત્નીને ડોકટર પાસે લઈ જવા માટે ફરજના સમય દરમિયાન રજા આપવાના બદલામાં આ નાણાં માંગ્યા હતા.

ફરીયાદી કર્મચારીની પત્ની ગર્ભવતી હોવાને કારણે તેમને નિયમિતપણે ડોકટર અને હોસ્પિટલ લઈ જવા પડતા હતા. આ માટે કર્મચારીએ ડયુટી દરમિયાન સમય માંગ્યો હતો, જેના બદલે સુરક્ષા અધિકારી શૈલેષ પારેખે રૂપીયા ૨૫ હજારની લાંચ માંગી હતી. અધિકારીએ ધાક ધમકી આપી હતી કે રકમ ચુકવવામાં આવશે તો જ ફરજ દરમિયાન જવાની મંજુરી અપાશે, ગેરહાજરી નહી ગણાય અને કોઈ મેમો પણ નહી ફાટે, લાંચ આપવા માંગતા ન હોવાથી ફરીયાદીએ સમગ્ર મામલે એસીબીનો સંપર્ક કરી સત્તાવાર ફરીયાદ નોંધાવી હતી. આ ફરીયાદના આધારે સુરત ગ્રામ્ય એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ એસડી ધોબીના નેતૃત્વમાં એક ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ૨૮ સપ્ટેમ્બર ના રોજ તાપીપુરા સ્થિત મુખ્ય કચેરીમાં આવેલા સુરક્ષા અધિકારીની ચેમ્બરમાં જ ફરીયાદી પાસેથી રૂપીયા ૨૫ હજાર સ્વીકારતી વખતે એસીબીની ટીમે આરોપીને ઝડપી લીધો હતો.

આરોપી પાસેથી લાંચની પુરેપુરી રકમ જપ્ત કરીને તેની સામે ભ્રષ્ટાચાર વિરોધક કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાને કારણે સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનના વોચ એન્ડ વોર્ડ વિભાગમાં ભારે ચકચાર મચી જવા પામી છે. એસીબી હવે એ પણ તપાસ કરી રહી છે કે શું આ અધિકારીએ અગાઉ પણ અન્ય કર્મચારીઓ પાસે આવી રીતે લાંચની માંગણી કરી હતી કે કેમ,

### ESIC વિસ્તરણ અંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગાંધીનગર ખાતે યોજી પત્રકાર પરિષદ

# ગુજરાતમાં ESIC યોજનાનો ઐતિહાસિક વિસ્તાર: રાજ્યના ૩૧ જિલ્લાઓમાં પૂર્ણ અમલ થશે, ૧.૨૦ કરોડ નાગરિકોને મળશે સુરક્ષા કવચ : શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા



ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) ના વિસ્તરણ સંદર્ભે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જે મુજબ, સામાજિક સુરક્ષા સંહિતા, ૨૦૨૦ હેઠળ તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી ગુજરાતના ૧૬ આંશિક અમલીકૃત અને ૧૫ બિનઅમલીકૃત મળી કુલ ૩૧ જિલ્લાઓમાં ESIC યોજનાનો પૂર્ણ અમલ કરવામાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ESIC ના આ વ્યાપક વિસ્તરણના પરિણામે રાજ્યના અંદાજે ૮ થી ૧૦ લાખ નવા શ્રમિકો અને તેમના પરિવારો સામાજિક સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાશે. આ યોજના અંતર્ગત પાત્ર શ્રમિકોને કેશલેસ સારવાર, માંદગી દરમિયાન રોકડ સહાય, પ્રસૂતિ લાભ તેમજ અપંગતા સહાય જેવી વિવિધ આરોગ્યલક્ષી અને સામાજિક સુરક્ષાની સેવાઓ પ્રાપ્ત થશે.

વધુમાં મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે શ્રમિક કલ્યાણ અને સામાજિક સુરક્ષા ક્ષેત્રે આ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લીધો છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ નિર્ણય હેઠળ ESIC ના સંપૂર્ણ અમલીકૃત ૧૫ જિલ્લાઓમાં અમરેલી, અરવલ્લી, બનાસકાંઠા, બોટાદ, છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, કચ્છ, મહિસાગર, નર્મદા, પાટણ, તાપી અને વાવ-થરાદનો સમાવેશ થાય છે. જ્યારે આંશિક અમલીકૃત ૧૬ જિલ્લાઓમાં અમદાવાદ, આણંદ, ભરૂચ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ખેડા, મહેસાણા, મોરબી, નવસારી, પંચમહાલ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરત અને સુરેન્દ્રનગરના નિર્ધારિત વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.

આરોગ્ય સુવિધાઓ અંગે વધુ વિગતો આપતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, "હાલમાં રાજ્યમાં ૧૦૩ ESIS ડિસ્પેન્સરીઓ અને ૧૧ ESIC/ESIS હોસ્પિટલો કાર્યરત છે. આ ઉપરાંત શ્રમિકોને પ્રાથમિક સારવાર મળી રહે તે માટે ૨૩૪ CHC અને PHC ને એમ્પેનલ કરવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, સાણંદ ખાતે ૩૫૦ બેડ અને કલોલ-ગાંધીનગર ખાતે ૧૫૦ બેડની ક્ષમતા ધરાવતી ESIC હોસ્પિટલનું નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે. જ્યારે હાલોલ - પંચમહાલ અને સાવલી -વડોદરા ખાતે ૧૦૦-૧૦૦ બેડની હોસ્પિટલો માટે જમીન ફાળવણીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આ સાથે મહેસાણા, ગાંધીધામ અને મોરબી ખાતે નવી ESIC હોસ્પિટલો શરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ભલામણ મોકલવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, અમદાવાદ ખાતે ESIC મેડિકલ કોલેજ કાર્યરત કરી દેવામાં આવી છે અને સુરત ખાતે નવી કોલેજની પ્રક્રિયા ચાલુ છે. શ્રમિકોને ઘરની નજીક ઉત્તમ તબીબી સેવાઓ મળે તે હેતુથી છેલ્લા બે મહિનામાં ૧૩ સરકારી અને ૫૫ ખાનગી મળી કુલ ૬૮ પ્રતિષ્ઠિત હોસ્પિટલોને ESIC ની પેનલમાં જોડવામાં આવી છે. આ ઉપરાંત PM-JAY હેઠળની ૯૦૦ ખાનગી અને ૧,૧૨૭ સરકારી હોસ્પિટલો મારફતે પણ પાત્ર શ્રમિકોને સીધી કેશલેસ સારવારનો લાભ મળશે.

વહીવટી વ્યવસ્થા અંગે વધુ માહિતી આપતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને આસપાસના વિસ્તારોના શ્રમિકોને સ્થાનિક સ્તરે જ સુવિધાઓ મળી રહે તે હેતુથી રાજકોટ ખાતે નવી ESIC પેટા પ્રાદેશિક કાર્યાલય -Sub-Regional Office - SROને મંજૂરી આપવામાં આવી છે. આ નવી કચેરી શરૂ થવાથી સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાઓના વહીવટી કામકાજ, યોગદાન અને કલેઈમ સંબંધિત તમામ કામગીરી વધુ ઝડપી અને સુચારુ રીતે હાથ ધરી શકાશે.

રાજ્યમાં હાલમાં અંદાજે ૨૧.૬૮ લાખ ESIC હેઠળ નોંધાયેલા કામદારો છે જેમાં તેમના પરિવારજનો મળીને કુલ આશરે ૮૪ લાખ લાભાર્થીઓ આરોગ્ય તથા સામાજિક સુરક્ષાનો લાભ મેળવી રહ્યા છે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા સમગ્ર ગુજરાતમાં આ યોજના પૂર્ણપણે લાગુ કરવામાં આવ્યા બાદ વધુ ૮ થી ૧૦ લાખ નવા કામદારો નોંધાશે. આ વ્યાપક વિસ્તરણના પરિણામે રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોની સંખ્યા વધીને અંદાજે ૩૨ લાખ સુધી પહોંચશે, જેનાથી શ્રમિકો અને તેમના પરિવારજનો સહિત રાજ્યના કુલ ૧.૨૦ કરોડ નાગરિકોને ESIC યોજના હેઠળ કેશલેસ સારવાર અને સામાજિક સુરક્ષાનું મજબૂત કવચ પ્રાપ્ત થશે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

આ પત્રકાર પરિષદમાં ESI કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના ઈન્સ્યોરન્સ કમિશનર શ્રી રત્નેશ કુમાર ગૌતમ, રીજિનલ ડાયરેક્ટર અમદાવાદ શ્રી હેમંતકુમાર પાંડે, ESIના મેડીકલ સર્વિસના નિયામક ડૉ. મોનિકા પટેલ તથા રાજ્ય તબીબી અધિકારી ડૉ. વિજય ધાણક ઉપસ્થિત રહ્યા હતાં.

- પ્રિન્સ ચાવલા

### કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાઈ રાષ્ટ્રીય પરિષદ

# નવી દિલ્હી ખાતે આયોજિત ''રાષ્ટ્રીય કૃષિ પરિષદ – રવિ અભિયાન-૨૦૨૬''માં ગુજરાત સરકાર વતી કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સહભાગી થયા







કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત બે દિવસીય 'રાષ્ટ્રીય કૃષિ પરિષદ – રવિ અભિયાન ૨૦૨૬'માં ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સહભાગી થઈ રાજ્યની કૃષિ સિદ્ધિઓ, રવિ સિઝનની સજ્જતા અને ખેડૂતહિતના મહત્વપૂર્ણ સૂચનો રાષ્ટ્રીય મંચ પર રજૂ કર્યા હતા. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ પરિષદમાં દેશના વિવિધ રાજ્યોના કૃષિ મંત્રીઓ, કેન્દ્ર અને રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ તથા ICARના વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિષદમાં સંબોધન કરતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે પણ ગુજરાત રાજ્યને ખાતરનો પૂરતો અને સુચારુ પુરવઠો પૂરો પાડવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણનો આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત પાસે રવિ સિઝન માટે હાલમાં પૂરતા પ્રમાણમાં બિયારણનો જથ્થો ઉપલબ્ધ છે.

તેમણે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે ખેડૂતોને પ્રાથમિકતા આપી વર્ષ ૨૦૨૬-૨૭ માટે કૃષિ બજેટ વધારીને રૂ. ૧૭,૦૦૦ કરોડથી વધુ કર્યું છે. આ ઉપરાંત રાજ્યના આદિવાસી વિસ્તારોના ખેડૂતોને ઘરઆંગણે ખેતીવિષયક સેવાઓ અને માર્ગદર્શન મળી રહે તે માટે ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાઓમાં EMRI-GVKના માધ્યમથી 'કિસાન સુવિધા રથ' શરૂ કરવામાં આવશે.

મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજયના પાણીના યોગ્ય અને કરકસરયુક્ત ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓને વેગ આપવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારની ગુજરાત ગ્રીન રેવલ્યુશન કંપની (GGRC) દ્વારા અત્યાર સુધીમાં રાજયનો ૨૫.૯૧ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. ચાલુ વર્ષે વધુ ૨ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ લાવવા માટે રૂ. ૧,૨૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓમાં ગુણવત્તા જાળવવા અંગે વિગતો આપતા તેમણે કહ્યું કે, રાજ્યમાં ૨૭૬ ટીમો દ્વારા ૬,૩૮૦ ડીલરોને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી, જે અંતર્ગત ૨૬ FIR નોંધી ૨૪૬ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષે પણ ૯૪ ટીમો દ્વારા ૩,૭૬૦ સ્થળે તપાસ કરી ૧૩૬ લાઈસન્સ રદ અથવા સ્થગિત કરવામાં આવ્યા છે અને ૧૫ FIR દાખલ કરવામાં આવી છે.

મંત્રી શ્રી વાઘાણીએ ભારત સરકાર સમક્ષ ગુજરાતની મહત્વપૂર્ણ રજૂઆતો રજૂ કરતા જણાવ્યું હતું કે, 'પીએમ-આશા' યોજના હેઠળ કઠોળ અને તેલીબિયાં પાકોના કુલ ઉત્પાદનના ૨૫ ટકાને બદલે ૪૦ ટકા લેખે ટેકાના ભાવે ખરીદી કરવાની મંજૂરી આપવી જોઈએ. દિવેલાના પાકમાં ગુજરાત ૧૬ લાખ મેટ્રિક ટન ઉત્પાદન સાથે દેશમાં અગ્રેસર હોવાથી, દિવેલા ઉત્પાદક ખેડૂતોના હિત માટે તેને પણ MSPના દાયરામાં લાવવા રજૂઆત કરાઈ હતી.

મંત્રીશ્રીએ ભેળસેળ અટકાવવા માટે જૂના કાયદાઓ બદલી નવા અને વધુ કડક કાયદા ત્વરિત પસાર કરવા તથા નેનો ફર્ટિલાઈઝરના સેમ્પલ ટેસ્ટિંગ માટે આખરી પ્રોટોકોલ ઝડપથી જાહેર કરવા વિનંતી કરી. આ ઉપરાંત એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ મળતા 'સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ ફંડ'નો ઉપયોગ આગામી વર્ષોમાં કરવાની છૂટ આપવા અને સબ-મિશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન યોજના હેઠળ અરજી કરનાર તમામ ૯,૦૦૦થી વધુ ખેડૂતોને લાભ આપવા વધારાનું એલોકેશન ફાળવવા પણ મંત્રીશ્રીએ રજૂઆત કરી હતી.

આ બે દિવસીય રાષ્ટ્રીય પરિષદમાં 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત'ના સંકલ્પ સાથે કઠોળ, તેલીબિયાં અને ઓઈલ પામ મિશન, પાક વિવિધકરણ, પ્રાકૃતિક ખેતી, ડિજિટલ એગ્રીકલ્ચર મિશન, ફાર્મર રજિસ્ટ્રી, ડિજિટલ ક્રોપ સર્વે, એગ્રીસ્ટેક, પીએમ ધન-ધાન્ય કૃષિ યોજના, પીએમ ફસલ બીમા યોજના અને કિસાન ક્રેડિટ કાર્ડનો વ્યાપ વધારવા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રો પર કેન્દ્ર અને તમામ રાજ્યો વચ્ચે સઘન રણનીતિ આકાર પામી હતી.

- નિતિન રથવી

# અમદાવાદ શહેરને "Zero Fatality District" બનાવવા એક દિવસીય માર્ગ સલામતી વર્કશોપ યોજાયો

અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માતમાં થતાં મૃત્યુમાં ઘટાડો કરી શહેરને "Zero Fatality District (ZFD)" બનાવવા માટે આજે સ્પીપા, અમદાવાદ ખાતે એક દિવસીય "Zero-Fatality District – Orientation and Implementation Workshop"નું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં માન. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર તથા માન. રોડ સેફ્ટી કમિશનરશ્રીની ઉપસ્થિતિમાં વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. વર્કશોપનું આયોજન ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી (GRSA), અમદાવાદ શહેર તથા SaveLIFE Foundationના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના એજન્ડા મુજબ ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય તથા અન્ય સંસ્થાઓના સહયોગ સાથે ZFD અભિગમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી અનુપમસિંગ ગેહલોત, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં થતાં માર્ગ અકસ્માતો અને તેમાં થતાં મૃત્યુ ઘટાડવા માટે અમદાવાદ શહેર પોલીસ તથા AMC દ્વારા સંયુક્ત રીતે સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે અને તેના આધારે જરૂરી માર્ગ સલામતીનાં પગલાં લેવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો તથા રાહદારીઓની માર્ગ સલામતી માટે તમામ સંબંધિત વિભાગો અને હિતધારકો સાથે મળીને સંકલિત પ્રયાસો કરવામાં આવે તો માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવી શકાય તેમ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં શ્રી સતીશ એ. પટેલ, રોડ સેફ્ટી કમિશનરશ્રી દ્વારા અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માતો ઘટાડવા માટે દરેક સંબંધિત અધિકારીને સંવેદનશીલતા અને જવાબદારી સાથે કામગીરી કરવા તથા તમામ વિભાગો વચ્ચે સતત સંકલન જાળવી ડેટા આધારિત, પરિણામલક્ષી અને સંકલિત માર્ગ સલામતી કામગીરી હાથ ધરવા આહ્વાન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં પોલીસ, આર.ટી.ઓ., અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), AMTS-BRTS, GSRTC, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, GVK ૧૦૮ તથા નેશનલ હાઈવે સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. માર્ગ અકસ્માતોના મૂળ કારણોનું વિશ્લેષણ કરી અકસ્માતો અને તેમાં થતાં મૃત્યુ ઘટાડવા માટે વિવિધ વિભાગો દ્વારા સંકલિત રીતે કામગીરી કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે શ્રી અનુપમસિંગ ગેહલોત, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં થતાં માર્ગ અકસ્માતો અને તેમાં થતાં મૃત્યુ ઘટાડવા માટે અમદાવાદ શહેર પોલીસ તથા AMC દ્વારા સંયુક્ત રીતે સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે અને તેના આધારે જરૂરી માર્ગ સલામતીનાં પગલાં લેવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો તથા રાહદારીઓની માર્ગ સલામતી માટે તમામ સંબંધિત વિભાગો અને હિતધારકો સાથે મળીને સંકલિત પ્રયાસો કરવામાં આવે તો માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવી શકાય તેમ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં શ્રી સતીશ એ. પટેલ, રોડ સેફ્ટી કમિશનરશ્રી દ્વારા અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માતો ઘટાડવા માટે દરેક સંબંધિત અધિકારીને સંવેદનશીલતા અને જવાબદારી સાથે કામગીરી કરવા તથા તમામ વિભાગો વચ્ચે સતત સંકલન જાળવી ડેટા આધારિત, પરિણામલક્ષી અને સંકલિત માર્ગ સલામતી કામગીરી હાથ ધરવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન Road Safety Principles, Zero Fatality District Programme, Safe System Approach તથા 4E Framework અંગે SaveLIFE Foundation દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત અમદાવાદ શહેરના માર્ગ અકસ્માતોના ડેટાનું વિશ્લેષણ, ZFD અમલીકરણ માળખું તથા વિવિધ વિભાગોની ભૂમિકા અંગે રજૂઆત કરવામાં આવી હતી. વર્કશોપના બીજા સત્રમાં Joint Site Assessmentsમાંથી મળેલ મુખ્ય તારણો, 4E Framework હેઠળ ZFD અમલીકરણની શ્રેષ્ઠ પદ્ધતિઓ, ડેટા આધારિત કાર્યવાહી તથા પ્રગતિનું મોનિટરિંગ જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ અમદાવાદ શહેર માટે ZFD અમલીકરણની વ્યૂહરચના અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વર્કશોપના અંતિમ સત્રમાં JP Research દ્વારા અમદાવાદ શહેરની માર્ગ સલામતી અંગેના તારણો રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. "Zero Fatality District" અભિગમ અંતર્ગત અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુને ઘટાડવા માટે Engineering, Enforcement, Education અને Emergency Services – 4Eના સંકલિત અભિગમ સાથે તમામ સંબંધિત વિભાગો દ્વારા સંયુક્ત અને સતત કામગીરી હાથ ધરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### રાજ્ય સરકાર દ્વારા તા.૧૬ નવેમ્બર થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૭ સુધી નિયત જણસ-પાકની ખરીદી કરવામાં આવશે

# ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭માં ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ, બાજરી જુવાર,રાગીની સીધી ખરીદી કરાશે

ભારત સરકાર દ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ટેકાનો ભાવ ડાંગર (કોમન) માટે રૂ. ૨૪૪૧/- પ્રતિ ક્વિ, ડાંગર (ગ્રેડ-એ) માટે રૂ. ૨૪૬૧/- પ્રતિ ક્વિ.,મકાઈ માટે રૂ. ૨,૪૧૦/- પ્રતિ ક્વિ. બાજરી માટે રૂ.૨૯૦૦/- પ્રતિ ક્વિ., (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ) જુવાર(હાઈબ્રીડ) રૂ. ૪૦૨૩/- પ્રતિ ક્વિ (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ), જુવાર (માલદંડી) રૂ.૪૦૭૩/- પ્રતિ ક્વિ(ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ). તથા રાગી માટે રૂ. ૫૨૦૫/- પ્રતિ ક્વિ. (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ) નિયત કરવામાં આવ્યું છે. ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ, બાજરી, જુવાર, તથા રાગીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે કરવામાં આવનાર છે.

નોંધણી પ્રક્રિયા-

લઘુતમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ,બાજરી,જુવાર તથા રાગીનું વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તા.૦૨ ઓક્ટોબર- ૨૦૨૬ થી ૩૧ ઓક્ટોબર- ૨૦૨૬ સુધી કરવામાં આવશે. જ્યારે આ ડાંગર, બાજરી, જુવાર મકાઈ તથા રાગીની ખરીદી તા.૧૬ નવેમ્બર- ૨૦૨૬થી ૧૫ જાન્યુઆરી- ૨૦૨૭ સુધી કરવામાં આવશે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે. જેથી ટેકાના ભાવે પાક વેચાણ કરવા માંગતા તમામ ખેડૂતો મિત્રોએ ઓનલાઈન નોંધણી કરાવવા નિગમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જરૂરી ડોક્યુમેન્ટ્સ:-

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, તાજેતરનો ગામ નમૂનો, ૭/૧૨ ,૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ માં ન થઈ હોય તો તલાટીના સહી-સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંક પાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવી જરૂરી છે.

SMS દ્વારા જાણ:

ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવાની રહેશે. નોંધણી અંગે વધુ વિગતો માટે હેલ્પ લાઈન નંબર:- ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે તેમ નિગમ દ્વારા વધુમાં જણાવાયું છે. - જનક દેસાઈ

# AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)નો અવિચારી ઉપયોગ માનવ અસ્તિત્વ માટે તોળાતું જોખમ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વિશ્વમાં પૈડાની શોધથી લઈને વરાળ યંત્ર, પ્રિન્ટીંગ પ્રેસ, વીજળી, ટેલિફોન અને છેવટે પર્સનલ કમ્પ્યુટર કે ઈન્ટરનેટ સુધીની સફર તરફ નજર નાખો, પ્રત્યેક નવી ક્રાંતિને પ્રયોગશાળાની ચાર દીવાલોમાંથી બહાર નીકળીને સામાન્ય માનવીના દૈનિક જીવનમાં ભળતાં દાયકાઓ અને કેટલીક વાર તો સદીઓનો સમય લાગ્યો હતો.

આ ધીમી પ્રક્રિયા પાછળ કુદરતી સુરક્ષા કવચ એ હતું કે સમાજ, કાયદાકીય તંત્ર અને માનવીય મગજને તે નવી શોધના સંભવિત જોખમો સમજવા, તેને પચાવવા અને તેના નિયમન માટે પૂરતો સમય મળી રહેતો હતો. માણસ હંમેશા સાધનોનો માલિક રહ્યો હતો અને ટેકનોલોજી તેની સેવક બનીને રહી હતી.

બીજી તરફ છેલ્લાં વર્ષોમાં વિજ્ઞાન અને વિકાસના અંધાધૂંધ ઉન્માદ માં માણસે એવા અદ્રશ્ય, અનિયંત્રિત અને સ્વાયત્ત રાક્ષસ મુક્ત કરી દીધો છે, જે આજે પોતાના જ જન્મદાતા (માણસ) ને ભરખી જવા માટે પોતાનું ડિજિટલ જડબું ફાડીને ઊભો છે. આ સંવેદનહીન ટેકનોલોજી સ્વરૂપ અસુર નું નામ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI). આજે દુનિયાભરમાં AI નો જે હદે આંધળો અને બેફામ ઉપયોગ થઈ રહ્યો છે, કે વૈશ્વિક સભ્યતાને અસ્તિત્વના એવા ખતરનાક ત્રિભેટે લાવીને પટકી દીધી છે જ્યાંથી આગળ વિનાશ સિવાય બીજો કોઈ રસ્તો દેખાતો નથી. આમાં માણસ પોતાની યાદશક્તિ ગુમાવી રહ્યો છે, સામાન્ય સરવાળા-બાદબાકી માટે કે બે લીટીનો પત્ર લખવા માટે પણ તે કોમ્પ્યુટર પર નિર્ભર થઈ ગયો છે. માનવીય મગજ જે લાખો વર્ષોના સંઘર્ષ પછી ધારદાર બન્યું હતું, તે હવે ડિજિટલ કાખઘોડીના સહારે લકવાગ્રસ્ત બની રહ્યું છે. એઆઈ ની અગાધ ક્ષમતા સામે માણસની બુધ્ધિની તુચ્છ મર્યાદાઓ સ્પષ્ટપણે ખુલ્લી પડી ગઈ છે. આ છે AI નો પાવર...

# દેશની દીકરીઓની સુરક્ષા માત્ર પોલીસ કાર્યવાહીથી નહીં, સરકારી તંત્રે પણ કડક પણે અમલ કરવો જોઈએ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

બિહારના જમુઈ જિલ્લામાં સગીર વિદ્યાર્થીની અને તેના સાથી વિદ્યાર્થી સાથે રસ્તા પર થયેલી કથિત છેડતી, મારપીટ અને યૌન ઉત્પીડનની ઘટના એ માત્ર બિહાર જ નહીં, સમગ્ર દેશ માટે ગંભીર પ્રશ્ન ઉભો કર્યો છે કે આખરે આપણા જાહેર રસ્તાઓ પર આપણા દેશની દીકરીઓ કેટલી સુરક્ષિત છે?

જમુઈની ઘટના આપણને "મહિલા સુરક્ષા" ને માત્ર ચૂંટણીના ભાષણો અથવા સરકારી દાવાઓનો વિષય ન બનાવવાની પણ યાદ અપાવે છે.

સુરક્ષા એટલે રસ્તા પર પૂરતી પોલીસ હાજરી, જોખમી વિસ્તારોમાં પેટ્રોલિંગ, ઝડપી ફરિયાદ વ્યવસ્થા, સગીરો માટે વિશ્વાસપૂર્ણ પોલીસ સંપર્ક, સ્ટ્રીટ લાઈટિંગ, CCTV, જાહેર પરિવહનમાં સુરક્ષા અને ફરિયાદ પછી સમયસર કાયદેસરની કાર્યવાહી.

સરકારો ઘણીવાર "ઝીરો ટોલરન્સ" જેવા શબ્દો વાપરે છે. પરંતુ સામાન્ય નાગરિક માટે પ્રશ્ન શબ્દોના ઉપયોગનો નથી, પરિણામનો છે. દીકરીને સાંજે કોચિંગથી ઘરે પરત ફરતી વખતે ડર ન લાગે, માતા-પિતાને સતત ચિંતા ન રહે અને કોઈ ટોળું રસ્તા પર કોઈને રોકી ન શકે- આજ સાચી સુરક્ષાની કસોટી છે.

આમ જમુઈની ઘટના એ પણ બતાવે છે કે ગુનાને રોકવા માટે માત્ર પોલીસ નહીં, આખા સમાજને આગળ આવવું પડશે. રસ્તા પર કોઈ યુવતી કે બાળક મુશ્કેલીમાં હોય ત્યારે "આપણે શું લેવાદેવા" એવો અભિગમ સમાજને વધુ અસુરક્ષિત બનાવે છે. કાયદો વ્યવસ્થા જાળવવાનું મુખ્ય કામ પોલીસનું છે, પરંતુ માનવતા જાળવવાની જવાબદારી દરેક નાગરિકની છે. લોકશાહીમાં કાયદાનો ડર અને નાગરિકનો વિશ્વાસ- બંને સાથે ચાલવા જોઈએ. જમુઈની ઘટના સરકાર, પોલીસ અને સમાજ ત્રણેય માટે એક કડક ચેતવણી છે. દીકરીઓની સુરક્ષા કોઈ કૃપા નથી, તે તેમનો (દીકરીઓ)નો અધિકાર છે. અને આ અધિકાર નું રક્ષણ કાયમી જવાબદારી વ્યવસ્થાથી જ થઈ શકે છે.

# નર્મદાના સાગબારામાં હવે જંગલ જમીન વિવાદ વધુ ઉગ્ર બનશે: ૨ ઓકટોબરે ખોપી માં જાહેરસભા અને આંદોલનની ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં જંગલની જમીન અને વનઅધિકારના મુદ્દે ફરી આંદોલનના મંડાણ થયા છે. આદિવાસી ખેડુતોના વનઅધિકાર, જંગલની જમીન અને લાંબા સમયથી પેન્ડીંગ પડેલા વનઅધિકારના દાવાઓના નિરાકરણની માંગ સાથે ગાંધીજયંતિના દિવસે ૨ ઓકટોબરે ખોપી ખાતે પુનઃ વન અધિકાર સત્યાગ્રહ અંતર્ગત જાહેરસભાનુ આયોજન કરવામાં આવ્યુ છે.



આંદોલનકારીઓની મુખ્ય માંગ માં આદિવાસી ખેડુતો દ્વારા કરવામાં આવેલા વન અધિકારના દાવાઓનો કાયદેસર અને પારદર્શક નિકાલ, જંગલ જમીન સંબંધિત પ્રશ્નોનુ નિરાકરણ તથા અગાઉ થયેલા સમાધાનનો અમલ સામેલ છે. ખેડુતોનુ કહેવુ છે કે લાંબા સમયથી તેમના પ્રશ્નોનુ યોગ્ય નિરાકરણ આવ્યુ નથી. આંદોલનકારી લીલાબેન વસાવાએ સરકાર સમક્ષ ખેડુતોના પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગ કરી છે. તેમના જણાવ્યા મુજબ ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ સાથે ઘર્ષણની સ્થિતિ વચ્ચે પણ ખેડુતો અહિંસક રીતે પોતાના અધિકારો માટે લડી રહ્યા છે. જો પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો ૨ ઓકટોબર થી આંદોલન ઉગ્ર બનાવવાની ચીમકી આપવામાં આવી છે. કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી સંદિપ માંગરોલા સહિતના આગેવાનો ખોપી પહોચ્યા હતા અને આદિવાસી ખેડુતો સાથે વન અધિકાર તથા જંગલ જમીનના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

જાહેરસભામાં આગેવાનો, ખેડુતો અને સામાજિક કાર્યકરો સહિત નાગરીકોને જોડાવવા અપીલ કરવામાં આવી છે. કાર્યક્રમ શાંતિપૂર્ણ અને લોકશાહી માર્ગે યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

# સુપ્રિમ કોર્ટનો મોટો નિર્ણય : જ્ઞાનેશકુમાર સામેની અરજી પર સુનાવણી કરવા ચીફ જસ્ટીસ સંમત : કાનુની વર્તુળોમાં હલચલ

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ચુંટણીપંચમાં ચુંટણી કમિશ્નર તરીકે જ્ઞાનેશકુમાર ની નિમણુંકને પડકારતી અરજી પર સુનાવણી કરવા દેશની સર્વોચ્ચ અદાલત સંમત થઈ ગઈ છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ વરીષ્ઠ વકીલે આ બાબતને અત્યંત ગંભીર ગણાવીને તેના પર તાત્કાલીક સુનાવણી હાથ ધરવા ભારપૂર્વક રજુઆત કરી હતી. મુખ્ય ન્યાયાધીશે આ દલીલોની ગંભીરતા સમજીને અરજી પર સુનાવણી હાથ ધરવાની મંજુરી આપી છે. જેના લીધે ચુંટણીપંચની સ્વાયતત્તા અને નિમણુંક પ્રક્રિયા અંગે ફરી એકવાર મોટો કાનુની વિવાદ છેડાયો છે.

સુપ્રિમ કોર્ટની કાર્યવાહી દરમિયાન અરજદાર પક્ષના વરીષ્ઠ વકીલે ચીફ જસ્ટીસ સમક્ષ મામલો રજુ કરતા જણાવ્યુ હતુ કે આ એક અત્યંત સંવેદનશીલ અને ગંભીર બંધારણીય પ્રશ્ન છે, જે દેશની ચુંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા સાથે સીધો જોડાયેલો છે.



ચુંટણી કમિશ્નરોની નિમણુંક માટે સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા નવા કાયદાની જોગવાઈઓ અને પસંદગી સમીતીના માળખા અંગે અગાઉ થી જ પ્રશ્નો ઉઠી રહ્યા છે. વકીલે દલીલ કરી હતી કે નિયમો અને માર્ગદર્શિકાઓનુ યોગ્ય પાલન કર્યા વિના ઉતાવળે આ નિમણુંક કરવામાં આવી હોવાથી અદાલતે તાકીદે હસ્તક્ષેપ કરવો જરૂરી છે.

આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં ચુંટણી કમિશ્નરોની પસંદગી માટેની પેનલ અને પ્રક્રિયા રહેલી છે. નવા કાયદા હેઠળ વડાપ્રધાન, કેન્દ્રીય કેબિનેટ મંત્રી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાનો સમાવેશ કરતી ૩ સભ્યોની સમિતી દ્વારા ચુંટણી કમિશ્નરોની પસંદગી કરવામાં આવે છે. જેમાંથી સીજેઆઈ ને બાકાત રાખવા સામે અગાઉ પણ દેશભરમાં ભારે વિરોધ થયો હતો.

અરજદારોનો આક્ષેપ છે કે શોર્ટલીસ્ટ કરાયેલા નામોની વિગતો અને બેકગ્રાઉન્ડ ચકાસવા માટે પસંદગી સમિતિના વિપક્ષી સભ્યોને પુરતો સમય આપવામાં આવ્યો ન હતો. જેના કારણે આ પસંદગી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રહી નથી. આગામી સમયમાં દેશના વિવિધ રાજયોમાં મહત્વપૂર્ણ ચુંટણીઓ યોજાવવાની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે ચુંટણીપંચના ટોચના પદાધિકારીઓ સામેની કાનુની અરજીને રાજકીય રીતે અત્યંત મહત્વની ગણવામાં આવી રહી છે. સુપ્રિમ કોર્ટ દ્વારા આ કેસમાં કયા કાયદાકીય મુદ્દાઓ પર સુનાવણી થશે અને કેન્દ્ર સરકાર પાસેથી કેવા ખુલાસા માંગવામાં આવશે તેના પર સમગ્ર દેશની નજર ટકેલી છે.

સર્વોચ્ચ અદાલત દ્વારા હવે ટુંક સમયમાં ચોકકસ તારીખ ફાળવીને આ સંવેદનશીલ બાબતે વિસ્તૃત સુનાવણી હાથ ધરવામાં આવશે.

ઉમેદવારી ફોર્મ પાછી ખેંચવાના અંતિમ દિવસે ૩ ઉમેદવારોએ ફોર્મ ખેંચ્યા : અગાઉ ૪ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા હતા

# ગાંધીનગર મનપા ચુંટણીમાં આમ આદમી પાર્ટીના ૮ ઉમેદવાર ચુંટણી રેસમાંથી બહારઃ પોતાના જ ઉમેદવારના આક્ષેપો પર પાર્ટીએ આપ્યો જવાબ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીમાં આમ આદમી પાર્ટી માટે ઉમેદવારી પ્રક્રિયાનો અંતિમ તબકકો પડકારજનક રહ્યો છે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે વધુ ૧ ઉમેદવારે પોતાનુ ફોર્મ પરત ખેંચી લેતા આમ આદમી પાર્ટીના કુલ ૫ ઉમેદવારો ચુંટણી મેદાનમાંથી હટી ગયા છે.




તો બીજી તરફ મળતી માહિતી મુજબ આમ આદમી પાર્ટીના વધુ ૩ ઉમેદવારોના ફોર્મ રદ થતા કુલ ૮ ઉમેદવારો હવે ચુંટણી પ્રક્રિયામાંથી બહાર થયા છે. ગાંધીનગર મનપા ચુંટણીમાં આમ આદમી પાર્ટીના વધુ ૩ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા છે.

વોર્ડ નં. ૨ માં થી રમીલાબેને ઉમેદવારી પાછી ખેંચી છે, જયારે અંતિમ દિવસે આજે મંગળવારે વોર્ડ નં. ૩ માં થી અભય દેસાઈએ ફોર્મ પરત ખેંચ્યુ છે, આ ઉપરાંત વોર્ડ નં. ૪ માં થી મકરાણી નામના ઉમેદવારે પણ પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે, આ અગાઉ આમ આદમી પાર્ટીના ૪ ઉમેદવારોએ પરત ખેંચ્યા હતા. આમ અંતિમ દિવસે ગણતરીમાં આમ આદમી પાર્ટીના કુલ ૫ ઉમેદવારો ઉમેદવારી પાછી ખેંચી ચુકયા છે.

વોર્ડ નં. ૩ ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અભય દેસાઈએ ફોર્મ પરત ખેંચ્યા બાદ પાર્ટી સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે મે મારૂ ફોર્મ પાછુ લીધુ છે. સાથે જ તેમણે આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ તરીકે કામ કરતી હોવાનો આરોપ લગાડયો છે. અભય દેસાઈના જણાવ્યા મુજબ આમ આદમી પાર્ટીએ તેમને અન્ય વોર્ડમાંથી ટીકીટ આપી હતી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે પાર્ટી દ્વારા તેમની પાસેથી રૂપીયા ૧ લાખની રકમ માંગવામાં આવી હતી. ફોર્મ પરત ખેંચવાની સાથે આમ આદમી પાર્ટી માટે વધુ એક મુશ્કેલી ફોર્મ રદ થવાથી ઉભી થઈ છે. ગાંધીનગર વોર્ડ નં. ૨ માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રવિણ દંતાણીનુ ફોર્મ ૨ થી વધુ સંતાન હોવાના કારણસર રદ કરવામાં આવ્યુ હોવાનુ બહાર આવ્યુ છે. આ ઉપરાંત વોર્ડ નં. ૧૦ ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર હાર્દિક તલાટીનુ ફોર્મ પણ રદ થયુ છે. હાર્દિક તલાટીએ આક્ષેપ કર્યો હતો કે એફિડેવિટમાં રજુ કરાયેલી વિગતોના દસ્તાવેજોને લઈને તેમને જરૂરી સમય આપવામાં આવ્યો ન હતો. આમ આદમી પાર્ટીના નેતા કરણ બારોટે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગઈ કાલે ફોર્મ રદ કર્યા હતા પણ જયારે અમે ફોર્મ સબમીટ કરવા ગયા હતા અને ચકાસણી માટે જે ખાત્રી ફોર્મ આપતા હોય છે તેમાં કોઈ સુચના લખાઈ ન હતી. સ્કુટીની વખતે કહ્યુ હતુ કે તમારૂ મેન્ડેટ જ નથી, આમ આદમી પાર્ટીના ઉમેદવારો ઓછી સીટ પર લડે તેવા ભાજપ અને કોંગ્રેસના પ્રયાસ છે, આમ આદમી પાર્ટીના ઉમેદવારના ફોર્મ રદ કેવી રીતે થાય તેના પ્રયાસો કરાય છે. આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારો પ્રચાર કરતા હતા અને લોકોની વચ્ચે રહેલા છે, મહત્વની વાત એ છે કે આમ આદમી પાર્ટીના ઉમેદવારોને ફોર્મ પાછુ ખેંચાડવા ખુદ કોંગ્રેસના કાર્યકરો ટીંગાટોળી કરીને લાવ્યા હતા. આ બધા જ કૃત્ય ભાજપના ઈશારે થઈ રહ્યા છે. હકીકત છે કે કોંગ્રેસ જ ભાજપના ઈશારે અમારા ઉમેદવારોના ફોર્મ પાછા ખેંચાવા છે. કોંગ્રેસ લોકોની આંખમાં ધુળ નાંખે છે. ૨૦૧૫ અને ૨૦૧૦ માં કોંગ્રેસને લોકોએ તક આપેલી પણ તે વખતે મેયર સહિત બધા ભાજપમાં જતા રહ્યા હતા. આ લોકો વિશ્વાસને લાયક નથી. આમ આદમી પાર્ટીના કાર્યકરો આજે પણ મેદાનમાં છે.

ભાજપ વિરૂધ્ધની એક નનામી પત્રિકા ભારે વાયરલ થઈ : ઉમેદવારોને મનાવવા માટે છેલ્લી ઘડીના પ્રયાસો

# ગાંધીનગર મનપામાં ભાજપમાં ટીકીટ ની ફાળવણી મુદ્દે ભડકોઃ નનામી પત્રિકા સોશીયલ મીડીયામાં વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી નજીક આવતા જ ભારતીય જનતા પાર્ટીમાં ટીકીટોની ફાળવણીને લઈને મોટો અસંતોષ અને ભડકો બહાર આવ્યો છે. તેમાં પણ ખાસ કરીને વોર્ડ નં. ૧૦ માં ભાજપ વિરૂધ્ધ એક નનામી પત્રિકા સોશીયલ મીડીયા પર વાયરલ થઈ છે. જેણે સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે. વાત જાણે એવી છે કે સોશીયલ મીડીયા પર વાયરલ થયેલી આ પત્રિકામાં વોર્ડ નં. ૧૦ ના માણસા પાટીદાર સમાજ પર અન્યાય અને ઉપેક્ષા કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. પત્રિકામાં જણાવાયુ છે કે આ વોર્ડમાં માણસા પાટીદાર સમાજની વસ્તી અને મતદારોની સંખ્યા સૌથી વધુ છે અને તેમણે વરસોથી ભાજપને નિષ્ઠાપૂર્વક મતો આપી વિજયી બનાવ્યો છે. તેમ છતાં આ વખતે વિશાળ અને નિર્ણાયક પ્રભુત્વ ધરાવતા માણસા પાટીદાર સમાજને એકપણ ટીકીટ ફાળવવામાં આવી નથી. જયારે બીજી તરફ વોર્ડ નં. ૧૦ માં માત્ર ૫૦૦ જેટલા મતો ધરાવતા રાયસણ સમાજના એક જુથમાંથી એક સાથે બે ઉમેદવારોને ટીકીટ ફાળવી દેવામાં આવી હોવાનો વિરોધ કરાયો છે. જેથી વાયરલ પત્રિકામાં જાગો સ્વાભિમાન જગાડો હક અને અધિકારની લડાઈ હેઠળ ખુલ્લો આક્રોશ દર્શાવવામાં આવ્યો છે.



જો કે વાયરલ થયેલી પત્રિકા મુજબ માણસા પાટીદાર સમાજના રૂપીયો એકતાલીસ ગામ સમાજ અને પાયલી અડતાલીસ ગામ સમાજ બંને ભેગા મળીને કુલ સવા રૂપીયોની એકતા અને તાકાતથી સખત વિરોધ દર્શાવી ભાજપને પરચો બતાવશે તેવો પત્રિકામાં આક્ષેપ કરાયો છે. જો કે પક્ષે સમાજની વફાદારીને મજબુરી સમજી લીધી છે. તેથી હવે પક્ષની આવી માનસિકતા સામે અવાજ ઉઠાવી સ્વાભિમાન અને હક ની લડાઈ લડવી જરૂરી બની ગઈ છે. આમ તો આ પત્રિકામાં વોર્ડ નં. ૧૦ ના માણસા પાટીદાર સમાજ અને જાગૃત નાગરીકોને જો જાગ્યા નહી, તો હવે વોટ પણ નહી નો નારો આપી એક થવા જણાવાયુ છે. આગામી મતદાનના દિવસે ભાજપ વિરૂધ્ધ મતદાન કરીને પક્ષને માણસા પાટીદાર સમાજને ઈગ્નોર કરવાથી થતા નુકશાનનો અહેસાસ કરાવવાની અપીલ કરાઈ છે. જો કે સોશીયલ મીડીયામાં વાયરલ થયેલા આ પત્રમાં કોઈ ચોકકસ વ્યકિતના નામનો ઉલ્લેખ નથી. પરંતુ નિવેદક તરીકે સમસ્ત માણસા પાટીદાર સમાજ રૂપીયો અને પાયલી તથા જાગૃત નાગરીકો દર્શાવવામાં આવે છે.

# ગુજરાતમાં વિધાનસભા ચુંટણી પહેલા રાજકારણમાં મોટા ભુકંપના એંધાણઃ શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં ઘરવાપસીની તૈયારી?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર મોટા રાજકીય ભુકંપના એંધાણ વર્તાઈ રહ્યા છે. રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ટુંક સમયમાં ફરી કોંગ્રેસમાં જોડાઈ શકે છે તેવી ચર્ચાઓએ જોર પકડયુ છે. આ અંગે છેલ્લા એક મહિનાથી પક્ષના શીર્ષ નેતૃત્વ સાથે વાતચીત ચાલી રહી હોવાના અહેવાલો વચ્ચે કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે પણ સકારાત્મક નિવેદન આપ્યુ છે.




ગુજરાત રાજયના રાજકીય ફલક પર ફરી એકવાર મોટા ફેરબદલની હવા ફુંકાઈ રહી છે. રાજયના સૌથી વરીષ્ઠ અને જનાધાર ધરાવતા રાજનેતાઓમાં સ્થાન પામતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ઉર્ફે બાપુ ફરી એકવાર કોંગ્રેસ પક્ષમાં ઘરવાપસી કરી રહ્યા હોવાની ચર્ચાઓ ગાંધીનગર થી દિલ્હી સુધી જોરશોરથી ચાલી રહી છે. સુત્રોના કહેવા પ્રમાણે આગામી સ્થાનિક સ્વરાજય અને સંગઠનની પુનઃરચનાને ધ્યાનમાં રાખીને વિપક્ષ મજબુત ચહેરાની શોધમાં છે. શંકરસિંહ વાઘેલાનો બહોળો અનુભવ અને ક્ષત્રિય સમાજ સહિત વિવિધ વર્ગો પર રહેલી પકકડને જોતા આ પગલુ વિપક્ષ માટે ટર્નીંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે. રાજકીય વર્તુળોમાં વહેતા થયેલા અહેવાલો મુજબ શંકરસિંહ વાઘેલા છેલ્લા આશરે એક મહિનાથી કોંગ્રેસના હાઈકમાન્ડ અને પ્રદેશ નેતૃત્વ સાથે સતત સંપર્કમાં છે, બંને પક્ષો વચ્ચે શરતો અને ભાવી ભુમિકાને લઈને આંતરીક બેઠકોનો દોર પણ પૂર્ણ થઈ ચુકયો હોવાનુ મનાય છે.

શંકરસિંહ વાઘેલા આગામી બે દિવસની અંદર વિધીવત રીતે કોંગ્રેસનો ખેસ ધારણ કરી શકે છે, પાર્ટીમાં તેમને કોઈ મહત્વની કેન્દ્રીય કે રાજયસ્તરની જવાબદારી સોંપવામાં આવી શકે છે, જેથી જુથબંધી નિવારી શકાય. જો કે આ અંગે હજુ સુધી કોંગ્રેસ હાઈકમાન્ડ કે ખુદ શંકરસિંહ વાઘેલા તરફથી કોઈ સત્તાવાર પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી નથી.

શંકરસિંહ વાઘેલાની ઘરવાપસીની અટકળો વચ્ચે પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે જાહેરમાં મોટુ નિવેદન આપીને ચર્ચાને વેગ આપ્યો છે. મીડીયા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યુ હતુ કે બાપુ કોંગ્રેસમાં જોડાશે કે નહી તેની તેમને વ્યકિતગત ખબર નથી. પરંતુ જો તેઓ જોડાય તો તેનાથી પક્ષને ચોકકસપણે ફાયદો થશે.

ધારાસભ્ય કિરીટ પટેલે સ્પષ્ટ શબ્દોમાં ઉમેર્યુ કે શંકરસિંહ વાઘેલા જેવા પીઢ, દીર્ઘદ્રષ્ટા અને લડાયક નેતા જો કોંગ્રેસમાં આવે તો સમગ્ર સંગઠનમાં નવો ઉત્સાહ સંચાર થશે અને પક્ષને માત્ર ઉત્તર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર રાજયમાં રાજકીય રીતે મોટો ફાયદો થશે. શંકરસિંહ વાઘેલા અગાઉ પણ કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષોમાં મહત્વના પદો સંભાળી ચુકયા છે.

૨૦૧૭ ની રાજયસભા ચુંટણી અગાઉ તેમણે કોંગ્રેસ સાથે છેડો ફાડયો હતો ત્યારબાદ તેમણે અલગ મોરચો પણ બનાવ્યો હતો, હવે જો તેમની કોંગ્રેસમાં વિધીવત વાપસી થાય છે તો ભાજપ સામે વિપક્ષી મોરચો વધુ આક્રમક બની શકે છે. હાલ પુરતુ કાર્યકરો અને રાજકીય પંડીતો બંને આગામી ૪૮ કલાકમાં આવનારા સત્તાવાર એલાન પર મીટ માંડીને બેઠા છે.

# અરવિંદ કેજરીવાલ ને વધુ એક આંચકો : વડાપ્રધાન મોદીની ડીગ્રી મામલે ગુજરાત હાઈકોર્ટે અપીલ ફગાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક અને ડીગ્રી જાહેર કરવાની માંગણી સાથે દિલ્હી ના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે લાંબા સમયથી કાયદાકીય લડાઈ શરૂ કરી હતી. આરટીઆઈ હેઠળ આ ડીગ્રી સાર્વજનિક કરવાની માંગણી સંદર્ભે અગાઉ ગુજરાત હાઈકોર્ટની સીંગલ જજ ની બેન્ચે કેજરીવાલની અરજી ફગાવી દીધી હતી. એટલુ જ નહી અદાલતે તેમની આ માંગણીને ખોટી ગણાવીને રૂપીયા ૨૫ હજાર નો આકરો દંડ પણ ફટકાર્યો હતો.




સીંગલ જજ ના આ ચુકાદા અને દંડના આદેશ સામે અસંતોષ વ્યકત કરીને અરવિંદ કેજરીવાલ દ્વારા ગુજરાત હાઈકોર્ટની ડબલ જજ ની બેન્ચ સમક્ષ પુનઃ સમીક્ષા અપીલ દાખલ કરવામાં આવી હતી. તેમના તરફથી દલીલ કરવામાં આવી હતી કે જાહેર જીવનમાં રહેલી વ્યકિતની માહિતી જાણવાનો નાગરીકોને અધિકાર છે. તેથી સીંગલ જજ ના નિર્ણયને રદ કરવામાં આવે. આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં યોજાયેલી મહત્વપૂર્ણ સુનાવણી દરમિયાન કોર્ટે બંને પક્ષોની ધારદાર રજુઆતો ધ્યાને લીધી હતી. તમામ પાસાઓની ચકાસણી કર્યા બાદ હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની આ અપીલને પણ ફગાવી દીધી છે. આ અપીલ રદ થતા કેજરીવાલને કાનુની મોરચે વધુ એક મોટો આંચકો લાગ્યો છે અને સીંગલ જજનો અગાઉનો આદેશ યથાવત રહ્યો છે.

# કાલાવડમાં શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ બનાવતા ડેરી સંચાલકના ઘરે દરોડો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના કાલાવડ શહેરમાં શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધનું મોટું નેટવર્ક ઝડપાયું છે. જામનગર SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ની ટીમે કાલાવડ ખાતે આવેલ માતાજીના મંદિર પાસે, કપુરીયાના કાંઠે રહેતા દૂધના ધંધાર્થી કાનજીભાઈ ઉર્ફે કાનો દેપાલભાઈ માલાણીના ઘરે દરોડો પાડી તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન સ્થળ પરથી આશરે ૧,૨૦૦ લીટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ મળી આવ્યું હતું. દૂધ બનાવવામાં વપરાતી સામગ્રીમાંથી ૭૫ કિલો વનસ્પતિ ઘી અને ૭૫ કિલો દૂધનો પાવડર પણ કબ્જે કરવામાં આવ્યો હતો.આ સમગ્ર મામલે SOG ની ટીમે ફૂડ સેફટી વિભાગને જાણ કરી દૂધ અને સામગ્રીના સેમ્પલ લેવડાવ્યા હતા. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા આ સમગ્ર મુદ્દામાલનો પર્યાવરણને નુકસાન ન પહોંચે તે રીતે યોગ્ય નિકાલ કરીને નાશ કરવામાં આવ્યો છે. SOG ની આ અચાનક કાર્યવાહીથી અસામાજિક ભેળસેળીયા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.